Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૨૦ · તા. ૧૦ થી ૧૬ મે ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## કે.ડી.ઓ. કલાસિકનો વિશેષ કાર્યક્રમ મૌજ મેં રહો



ચિન્મય મીશનના
પુજ્ય શ્રી યુક્ત ચૈતન્ય

કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા રવિવાર તા. ૨૭.૦૪.૧૪ના માટુંગા ગુજરાતી ક્લબ ખાતે ચિંતનાત્મક વિષય **"મૌજ મેં રહો"** વિશે ચિન્મયા મિશનના પુજ્ય બ્રહ્મચારી શ્રી યુક્ત ચૈતન્યનો વાર્તાલાપ યોજાયો હતો.

પ્રમુખ હિરાચંદ દંડે સૌને આવકાર આપ્યો. ભુતપુર્વ પ્રમુખ મણિકાંત ધુલ્લાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતુ. શ્રી યુક્ત ચૈતન્યનો પરિચય ચંદ્રિકા લોડાયાએ આપ્યો. આભાર વિધિ શ્રીમતી મિનલ ખોનાએ કરી હતી.

શ્રી ચૈતન્ય દ્વારા દરેક વ્યક્તિ પોતાની સાથે એટલે કે પોતાના આંતર - મનમાં શાંતિ - સમતા અને આનંદમાં કેમ રહી શકે તેનો સરળ પણ સચોટ અને પ્રવાહી શૈલીમાં રસાસ્વાદ કરવવામાં આવ્યો.

The newly formed committee of the KDO Klassik, under the Presidentship of Mr. Hirachand Dand, for the period 2014-2016, presented a unique programme based on philosophical topic "Mauj Mein Raho' by Pujya Brahamachari Shri Yukt Chaitanya of Chinmaya Mission on 27th April 2014 at Matunga Gujarati Club.



ભુતપુર્વ પ્રમુખ શ્રી મણિકાંત ધુલ્લા દ્વારા સંબોધન, બાજુમાં સ્થાના વર્તમાન પ્રમુખ હિરાચંદ દંડ



સંસ્થાના મંત્રી શ્રીમતી સરસ્વતી લાપસીયા દ્વારા શ્રી યુક્ત ચૈતન્યનું પુષ્પાભિવાદન

# મહાવીરે કોઈને 'તું ખોટો છે' એવું નહોતું કહ્યું

તીર્થંકર મહાવીર વિશે વાત કરવાની હોય ત્યારે અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ - આ ત્રણ શબ્દોને આઘા રાખવાનું પોસિબલ જ નથી. આ ત્રણેય શબ્દો 'મહાવીર' નામના જ પર્યાયવાચક શબ્દો હોય એવું આપણને લાગે છે.

હિંસા અને અહિંસા બે વિરોધી શબ્દો નથી, હિંસા પણ શક્તિ છે અને અહિંસા પણ શક્તિ છે કંઈ શક્તિ ચડિયાતી છે એ મહાવીરે આપણને સમજાવ્યું છે. હિંસા દ્વારા તમે બહુ - બહુ તો કમજોર વ્યક્તિ પર વિજય મેળવી શકો કિન્તુ અહિંસા દ્વારા તો તમે અત્યંત તાકતવર અને સમર્થ વ્યક્તિ પર પણ વિજય મેળવી શકો છો. બંદૂકની ગોળીથી જીતવાનું પોસિબલ નથી હોતું તેને પ્રેમાળ લાગણીથી અવશ્ય જીતી શકાય છે. હિંસા શક્તિ છે ખરી, પણ એ લિમિટેડ છે. અહિંસા અનલિમિટેડ શક્તિ છે. મહાવીરની અહિંસા એટલી પ્રબળ હતી કે હિંસાની પ્રચંડ આંધી પણ તેમની સામે ટકી શક્તી નહોતી.

આપણે હિંસાનો વિરોધ કરવામાં આપણી ઊર્જા વેસ્ટ કરતા રહીએ છીએ. મહાવીર કદીય હિંસાનો વિરોધ કરવાનું કહેતા જ નથી. એ તો અહિંસાને વળગી રહીને અહિંસાની ઊર્જા વધારવાની વાત કરે છે.

અનેકાંત શબ્દ દ્વારા મહાવીર એમ કહે છે કે જગતમાં કોઈ વિચાર ખોટો હોતો જ નથી. જેટલા વિચાર હોય એટલાં સત્ય હોઈ શકે છે. બાળકનું સત્ય અલગ હોય, યુવાનનું સત્ય અલગ હોય, બૃદ્ધનું સત્ય અલગ હોય, સાધુનું સત્ય અલગ હોય, સૈનિકનું સત્ય અલગ હોય, વકીલનું સત્ય અલગ હોય, કોઈ ફકીરનું સત્ય અહિંસા હોય, પરંતુ ફોજીનું સત્ય તો હિંસા જ હોવાનું. તળેટીમાં બેઠેલી વ્યક્તિનું સત્ય અલગ હોવાનું અને શિખર સુધી પહોંચેલી વ્યક્તિનું સત્ય અલગ હોવાનું. મહાવીર કોઈનો વિરોધ કરવા બેસતા નથી. મહાવીરે કદીય કોઈને 'તું ખોટો છે' એવું કહ્યું નથી. ૫૦ની અપેક્ષાએ ૧૦૦ની સંખ્યા મોટી છે, લેકીન ૧૦૦૦ની અપેક્ષાએ એ નાની છે. ગરીબ માણસને જે ચીજ મોંઘી લાગે છે એ ચીજ શ્રીમંતને સસ્તી લાગે છે. સત્ય સમય પ્રમાણે પણ બદલાતું રહે છે.

આપણને જે વ્યક્તિ ખોટી લાગે છે તે વ્યક્તિ તેના એન્ગલથી સાચી જ હોય છે. તેની સમજણ, તેની સ્થિતિ અને તેના સંજોગોએ તેને અલગ સત્ય આપ્યું છે. આપણી સમજણ, આપણી પરિસ્થિતિ અને આપણા સંજોગોએ આપણને અલગ સત્ય આપ્યું છે. સત્ય જુદાં છે, વિરોધી નથી. આ સિદ્ધાંત પણ અધ્યાત્મ જગત માટે જ નહીં, સંસારના પ્રત્યેક ક્ષેત્ર માટે મહાવીરે આપ્યો છે. અનેકાંત એવી માસ્ટર - કી છે જેના વડે ફેમિલીના પ્રોબ્લેમ્સ પણ સોલ્વ થઈ શકે છે.

મહાવીરની ખરી ખુબી 'અપરિગ્રહ'માં પ્રગટ થાય છે. મહાવીર ધન કમાવાની ના પાડતા જ નથી. પ્રામાણિક પુરુષાર્થ વડે વધુમાં વધુ જેટલું ધન કમાઈ શકાય એટલું ભલે કમાઓ, પણ એનો પરિગ્રહ ન કરો. લક્ષ્મી અને લોહી સતત વહેતાં રહેવાં જોઈએ. શરીરમાં લોહી થીજી જાય તો માણસ મૃત્યુ પામે છે. લક્ષ્મી પણ બેન્ક - લોકરમાં કેદ થઈ જાય તો અર્થવ્યવસ્થાનું અવસાન થઈ જાય છે. મહાવીર કહે છે કે જો તમે પરિગ્રહ કરશો તો તમારી બુદ્ધિ પાપના માર્ગે ફંટાઈ જશે. પરિગ્રહ અસંતોષનો પિતા છે. જો તમે પરિગ્રહવૃતિ ધરાવતા હશો તો આખા જગતની સમૃદ્ધિ મળ્યા પછીય તમને તૃપ્તિ નહીં થાય, અર્થોપાર્જન (ઈન્કમ) કરવામાં કોઈ પાપ નથી, અર્થનો સંગ્રહ કરવામાં જ પાપ છે. જે પરિગ્રહ કરે છે તેને વધારે પરિગ્રહ કરવાની પાપબુદ્ધિ સુઝે છે અને જેને જરૂરત છે તેને એ બધું


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 20/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

લુંટી કે ચોરી લેવાની પાપબુદ્ધિ સુઝે છે. ઈન શોર્ટ, પરિગ્રહ પાપવૃદ્ધિ કરે છે. સંતોષના સુખથી આપણને વિમુખ કરે છે. આપણી પાસે જરૂર વગરની એટલે કે વધારાની જે કોઈ ચીજ પડી રહી હોય એ ચીજ એની જેને જરૂર હોય તેના સુધી પહોંચાડવી એ અપરિગ્રહ છે.

મહાવીર કહે છે કે તમે ભુલા પડ્યા હો તો શ્રદ્ધાને રસ્તો ન પૂછશો, પ્રજ્ઞાને પૂછજો. પ્રજ્ઞા (બુધ્ધિ) તમને સાચો રાહ બતાવશે. સાચો રાહ મળ્યા પછી એ માર્ગે ચાલતી વખતે શ્રદ્ધાનો હાથ ઝાલી રાખજો. પ્રજ્ઞા પ્રકાશ છે અને શ્રદ્ધા શક્તિ છે. ધર્મ શું છે અને અધર્મ શું છે એનો જવાબ શ્રદ્ધા પાસેથી ન લેવાય, પ્રજ્ઞા પાસેથી જ લેવાય.

## હોમિયોપેથીક મેડીકલ કેમ્પ

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેલબલ ટ્રસ્ટ** અને **શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર** ના સથવારે તા. ૩૦.૦૫.૨૦૧૪ને શુક્રવારના સવારે ૧૧.૩૦ થી બપોરના ૩.૦૦ દરમ્યાન પરબ શક્તિ સંજીવનો સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પલેક્સ) ડબ્બા કંપનીની બાજુમાં કાંજુરમાર્ગ ઈસ્ટમાં હાડકાનો તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનો એ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ પોલડીયા. મો. નં. 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ના રૂા. ૫૦, ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશન ૨૦મી મે સુધી કરાવવું.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગોનો હોમિયોપેથીક મેડીકલ કેમ્પ શનિવાર તારીખ ૩૧.૦૫.૧૪ના સવારના ૧૧.૦૦ વાગ્યાથી બપોરના ૪.૦૦ વાગે તથા રવિવાર તારીખ ૦૧.૦૬.૧૪ના સવારના ૯ વાગ્યાથી બપોર ના ૨ વાગે સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનો એ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ પોલડીયા, મો. 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની મહાસમિતિ અને ટ્રસ્ટબોર્ડની સભાઓ તેમજ જૈનોને લઘુમતિ દરજ્જો વિશેના સેમીનારનું આયોજન તા. ૧૫.૫.૧૪ના બદલે તા. ૬.૭.૧૪ના મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે. તેની નોંધ લઈ મહાજન, ટ્રસ્ટ, સંસ્થાઓના ટ્રસ્ટી તથા અધિકારીઓને પધારવા નમ્ર નિવેદન કરીએ છીએ. દેશાવરથી પધારનારાઓને સમયસર ટીકીટોની ગોઠવણ કરવા સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ ભલામણ કરી છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના સમુહ લગ્ન

મહાજનશ્રી દ્વારા આગામી ૭૨મો સમુહ લગ્ન સમારહો ભાંડુપમાં શેઠ શ્રી નરશીનાથા બેન્કવેટ હોલ, અનંતસિદ્ધિ ખાતે રવિવાર ૨૫-૫-૧૪ના યોજાયેલ છે.

જે અવસરે સાત નવયુગલો પ્રભુતામાં પગલાં માંડશે. ૧. જિજ્ઞેશ જિતેન્દ્રકુમાર ટોકરશી લોડાયા - ભાંડુપ (રવા) અને દર્શના ભુપેન્દ્ર મુલજી મોમાયા - કલ્યાણ (વરાડીયા), ૨. અલ્પેશ ચંદ્રકાંત માણેકજી મોતા - જલગાંવ (મોટી ધ્રુફી) અને આરતી અશ્વિન ભાણજી લોડાયા - ડોબિંવલી (દલતુંગી), ૩. પરેશ હીરાચંદ ગોવિંદજી નાગડા - પનવેલ (નલીયા) અને ચેતના મણિલાલ પદમશી લોડાયા ડોંબિવલી (કોઠારા), ૪. ઉપેનકુમાર નવિનચંદ્ર પદમશી ધરમશી - ડોંબિવલી (ના. સિંધોડી) અને કરીશ્મા કમલેશ શીવજી શીઆલ - ડોંબિવલી (તેરા), ૫. રોકી કીશોર દેવરાજ લોડાયા - ડોંબિવલી (સાંધવ) અને હિરલ જવેરચંદ મેઘજી ખોના - ડોંબિવલી (સાંધવ), ૬. યશ ટોકરશી લખમશી ધુલ્લા - કોપર (સાંધાણ) અને સોનલ રાજેન્દ્ર કુંવરજી લોડાયા - ડોંબિવલી (બાંડીયા), ૭. નીમેષ જીતેન્દ્ર કેશવજી લોડાયા - ડોંબિવલી (મો. ખાવડી) અને નિલમ ધનજીભાઈ ખીયશી માલદે (ડાઘા) ડોંબિવલી (સે. ભરૂડીયા)


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા
તન મન ®
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

હાલાર મંડળ શ્રી મોડપર સુપાર્શ્વનાથ દેરાસરજીના જીર્ણોધ્ધાર સહ નવ નિર્માણ અને ૧.૬.૧૪થી ૫.૬.૧૪ દરમ્યાન યોજાનાર તીર્થ અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવના આયોજને સમસ્ત જ્ઞાતિમાં પાવન તરંગો અવતરે એવી અખુટ શુભેચ્છાઓ..

- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)



ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
Mumbai Office : 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500



।। શ્રી શાંતિનાથાય નમ: ।। ।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમ: ।। ।। શ્રી મહાકાલી દેવ્યૈ નમ: ।।

SSJJ GROUP

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ

દ્વારા આયોજિત

શ્રી શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી કચ્છમાં પ્રથમવાર યોજાઇ રહેલ

## વિહારયાત્રા-તીર્થયાત્રા સહ શ્રી આર્ય-સમય-ગુણ કન્યા જ્ઞાન શિબિર

**દિવ્યકૃપા**

શાસનસમ્રાટ ભારત દિવાકર, કચ્છ કેસરી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**શુભાશિષ**

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.**
સાહિત્ય દિવાકર, સૌમ્યમૂર્તિ, પ.પૂ.આ.ભ.
**શ્રી કલાપ્રભ સાગર સૂરીશ્વરજી મ.સા.**

**શુભનિશ્રા**

સાધ્વીમુખ્યા, પ.પૂ.નિરંજનાશ્રીજી મ.સા. ના શિષ્યા
પરમ વિદૂષી, પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.નાં શિષ્યા
વ્યવહારદક્ષા, **પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.** તથા
**પ.પૂ. નયગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા

## શિબિરના લાભાર્થી

**માતુશ્રી ખેતબાઇ હંસરાજ વિશનજી લોડાયા પરિવાર**
(કચ્છ : આરીખાણા, હાલે : મુલુન્ડ)

**સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી ધરમશી (જૈન) પરિવાર**
(કચ્છ : કોઠારા, હાલે : મુલુન્ડ)

| મુંબઇથી પ્રસ્થાન | શિબિર પ્રારંભ | શિબિરપૂર્ણાહુતિ |
|---|---|---|
| શુક્રવાર, તા. ૨૩.૦૫.૨૦૧૪<br>સયાજીનગરી એક્સપ્રેસ ટ્રેન દ્વારા | શનિવાર, તા. ૨૪.૦૫.૨૦૧૪<br>સાંધવ તીર્થ (કચ્છ) | ગુરૂવાર, તા. ૨૯.૦૫.૨૦૧૪<br>સુથરી તીર્થ (કચ્છ) |

**શિબિર પૂર્ણાહૂતિ સુથરી તીર્થ**
ગુરૂવાર, તા. ૨૯.૦૫.૨૦૧૪
ભવ્યાતિ ભવ્ય શિબિરાર્થીઓનું અનુમોદના સહ બહુમાન સવારના ૯.૦૦ કલાકે

| સાંધવ તીર્થ | વરાડીયા તીર્થ | કોઠારા તીર્થ | સાંયરા તીર્થ | સુથરી તીર્થ |
|---|---|---|---|---|
| તા. ૨૪.૦૫.૨૦૧૪<br>સાંધવ<br>સવારનાં ૯ થી ૧૧<br>શ્રી શાંતિનાથ<br>૧૦૮ અભિષેક<br>શાંતિસ્નાત્ર અનુષ્ઠાન | તા. ૨૫.૦૫.૨૦૧૪<br>વરાડીયા<br>સવારનાં ૯ થી ૧૧<br>શ્રી નમિઉણ પાર્શ્વનાથ<br>પુષ્પપૂજા<br>ભક્તિ અનુષ્ઠાન | તા. ૨૬.૦૫.૨૦૧૪<br>કોઠારા તીર્થ<br>સવારનાં ૯ થી ૧૧<br>શ્રી શાંતિનાથ<br>જન્મ-મોક્ષ કલ્યાણકે<br>પંચ કલ્યાણક અનુષ્ઠાન | તા. ૨૭.૦૫.૨૦૧૪<br>સાંયરા<br>સવારના ૯ થી ૧૧<br>૫૬ દિક્કુમારીકાઓ<br>દ્વારા પ્રભુ જન્મોત્સવ<br>સ્નાત્રપૂજા | તા.૨૮.૦૫.૨૦૧૪<br>સુથરી તીર્થ<br>સવારના ૯ થી ૧૧<br>અષ્ટપ્રકારી પૂજા સહ<br>૧૦૮ પ્રદક્ષિણા<br>અનુષ્ઠાન |

જિન શાસન પ્રેમી જિન ભકતો... ગુરૂ ભકતો...!!!
સ્કુલ-કોલેજની જ્ઞાન પિપાસુ બાળાઓ... કન્યાઓ માટે યોજાઇ રહેલ... આ તીર્થયાત્રા-વિહારયાત્રા સહ જ્ઞાન શિબિરમાં... કચ્છના પ્રાચીન તીર્થો... સાંધવ-વરાડિયા-કોઠારા-સાંયરા-સુથરી તીર્થમાં નયનરમ્ય પ્રાચીન પ્રભુજીને જૂહારવા... પદયાત્રા દ્વારા કચ્છના પ્રાકૃતિક સૌંદર્યને માણવા તથા... જ્ઞાન શિબિરમાં ગુરૂ ભગવંતોના સથવારે જિનશાસન નાં સિદ્ધાંતો... સંસ્કારોની સરવાણી... પ્રભુભક્તિના રહસ્યો... તથા અન્ય ઘણું બધું નવું... અવનવું...નોખું... અનોખું... જાણવા માટે આપ સૌ શાસન પ્રેમી જિનભકતો, ગુરૂભકતો તથા ગામે ગામના મહાજનોના અગ્રણી મહાનુભાવો જરૂર જરૂર થી પધારજો...! સમ્યકજ્ઞાનની અનુમોદના કરી... કન્યાઓ... બાળાઓનાં... ઉત્સાહને વધારજો...!!!



**આપ સર્વે મહેમાનો, મહાનુભાવો અને જ્ઞાતિજનો પધારી જિન શાસનની શોભા વધારવા ભાવભર્યું આંમત્રણ છે.**

આપના આગમનના અભિલાષી

## લી. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ

| શ્રી જયેશ ભાગચંદ જૈન | શ્રી ગોવિંદજી લાલજી પટેલ | શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા |
|---|---|---|
| અધ્યક્ષ | ઉપાધ્યક્ષ | કન્વિનર |



## INTERNATIONAL SEMINAR on IT AND SOCIAL DEVELOPMENT OF KDOs.

*TILAKCHAND K. LODAYA (Chennai) Mob.: +91 99406 36646 Email :ourbrotherhood@yahoo.co.in*

KDO Community can boast of sizable number ( about 1000) of its youngsters, both ladies and gents, actively associated with Information Technology, directly or indirectly, within India and abroad. They are either in IT or ITES business ventures or employed in Indian or Multinational IT companies at middle and higher levels, in software development, in hardware services, business of computer stationery etc. Further, there are KDO business houses who use these services on a decent scale. Again there are many students studying in the IT stream.

In the present day world the success of any country, society or community is intrinsically linked to its ability to keep pace with technology. The world has seen an unprecedented change in the technology landscape over the last decade and innovation has become more important than ever before. Technology can help build a digital KDO community—a knowledge based society empowering, connecting and binding everyone. Despite India having become the software services capital of the world, the benefits of technology have not percolated down to our community. India has a long history of cultural innovation driven by necessities. It's time that we use technology and innovations and solve societal problems. Our latest Vastipatrak is an excellent example. I salute the persons behind such a marvellous work. It would be unwise to be satisfied with successes in instalments and waste our potential of KDO talent. A digital Community—where every household and every individual is digitally empowered is key to the concept of new age, efficient & connected. We as a community should remain advanced and developed.

Can we as a community prepare a blue print to harness the talents and potential of our youngsters in the futuristic IT Sector and innovations in it for the comprehensive and fast forward development of the community and our brothers and sisters? I have a solution. WE CAN AND WE WILL DO IT. IF OTHERS CAN DO IT WHY CANN'T WE DO IT. IF OTHERS CANN'T DO IT, THEN WE SHOULD DO IT. The suggested ROAD MAP is as under.

Before proceeding further I would like to highlight a basic premises on which this challenge is proposed to be tackled. We may have to revisit and reshape our prevalent ideas in the social field. Since more than a century, we, at social levels, have believed that if we have a community social gatherings frequently or at regular intervals, with a general agenda, some idea may germinate which can be decided to be implemented without any specifics and detailed plans and their intricacies in implementation. The precious resources of the community in the form of time, finance and man hours are not efficiently and optimally utilised. Consequently many decisions remain to be executed. This also demotivates the social workers.

World has moved far from this methodology of trial and error. Tremendous efforts and expertise is applied in meticulously planning the proposals backed by data, research and comparative case studies. Details prepare even Plan A or B or C as alternatives in case of non workability. Specific and precise things are made items of agenda. They are professionally discussed and finalised before implementation. The chances of success of such decisions are brighter. I am an advocate and follower of the modern methodology practiced all over the professional and business world. A month spent in meticulous planning saves years of time and also millions.

Are we still using tools and approaches which were designed for a different era? Meetings without any specific agenda are things of the past.

Our development story is a work in


**-: લગ્ન સંબંધી :-**

**મધ્ય પ્રદેશ સ્થિત,**

**ઉંમર :** ૪૫ વર્ષ, **ઉંચાઈ :** ૫'૧૦",

**શિક્ષણ :** M.Com , પોતાનો યુવક માટે યોગ્ય સંસ્કારી, ધાર્મિક, કુંવારી, વિધવા, છૂટા છેડા વાળી કન્યાના વડીલો સંપર્ક કરે.

**મો.** 08989505685

progress... there is a lot of distance that is still to be covered. Community needs to evaluate its approach to challenges in the evolving social and economic scenario. Reorient ourselves.

With these factual matrix and scenario I proceed to present my pioneering proposal for the kind consideration of the Brothers and Sisters of KDO Community.

1. We should systematically organise an intellectual international seminar of all our youngsters and elders, who are actively associated with the Information Technology and its objective shall be IT and Social Development of the KDOs;

2. It may be organised either by KDO Jain Mahajan, Mumbai or any Ekkam or by all of them jointly;

3. It may be arranged either at Mumbai, Pune or Bengaluru depending on the convenience of the organisers;

4. The duration of the seminar could be two days;

5. Under their supervision The Seminar Committee, consisting mainly of experienced IT professionals and few Social Entrepreneurs will function. They will

a. Gather pre-seminar information about the participants and their profiles which may be circulated well in advance through internet etc for study and future engagements;

b. Prepare a KDO centric, thoughtful and specific agenda for deliberations and decisions for implementation. The agenda will give enough time space for net working, introduction and fellowship;

c. Select and invite eminent faculty, as far as from KDOs only, on various subjects relating to the objective of the seminar. They should be instructed to adhere to time limits and not to get diverted to General issues. They should be briefed to give a practical road map supporting whatever they suggest;

d. Provide opportunities for one to one


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

AB KI BARR YUVA SAHAKAR
JOIN K.D.O YOUTH EXCHANGE PROGRAMME - 2014 AND
BE PART OF HISTORY IN THE MAKING

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

।।શાંતિનાથાય નમો:।। ।।કુળદેવી અંબેમાં નમો।।

વડિલોના આશિર્વાદ સદાય કુટુંબ પર રહો....



સ્વ. પિતાશ્રી દામજી શામજી ધરમશી



સ્વ. માતુશ્રી લીલબાઈ દામજી ધરમશી

## ૨૫મી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૦૫.૧૧.૧૯૪૮

અરિહંત શરણ :
તા. ૧૪.૦૫.૧૯૯૦

## સ્વ. શ્રી. સુર્યકાંન્ત દામજી ધરમશી (શાહ)

(સાંધાણ- વિરાર)

કાળ પણ મીટાવી શકશે નહી આપની સ્મૃતિ...
પ્રેરતી રહેશે સત્કર્મ કરવાનો હૈમેશા જિન ભક્તિ...

ધર્મપત્ની: મધુરીબેન સુર્યકાંન્ત ધમરશી

પુત્ર : અ.સૌ. મમતા - નિલેશ, અ.સૌ. હર્ષા - ધનેશ, અ.સૌ. અલ્પા - ભાવેશ

પૌત્ર : જૈનમ, હર્ષ

પૌત્રી : ઉર્વી, જીનલ, જીનિશા, રિધ્ધિ

ભાઈ : સ્વ. લહેરચંદ ગુલાબચંદ સહ પરિવાર

બહેન : અ.સૌ. જયા શાંતિલાલ લોડાયા (મુલુંડ - સાંયરા)

શ્વસુરપક્ષ: હંસરાજ વેલજી મૈશેરી (કોટડી મહાદેવપુરી) સમસ્ત પરિવાર

તેમજ દામજી શામજી સમસ્ત પરિવાર (વિરાર - સાંધાણ)

સંપર્ક : 0250 - 2500830 મો. 09819012813 / 09322864121



જીનલ

કુટુંબની
લાડકી
જોડી



જીનિશા

meetings to discuss their business or service enabling development;

e. Select the experts for penal discussion, if any;

f. Select KDO achievers in this field and allowing them to share their experience briefly;

g. Arrange time bound question answer sessions at the end of the power point presentation as well as one general at the end;

h. Collect feed back responses and assimilate them for future guidance and improvements;

i. Form implementation committees and to follow up actions to give concrete shape to the accepted ideas and schemes;

j. Design everything to be performed in a professional manner.

6. The funds to meet the expenditure of this seminar to be raised from donors and participants. It is suggested that a minimum participation fee should be charged to create seriousness befitting the event;

7. The emphasis should be on the intellectual input and output and not on extravagant food and other secondary objects;

8. Apart from the IT professionals the participants may include:

a. The speakers ;

b. Professionals in the field of accountancy, architecture, engineering, legal, medicine, research in science etc;

c. The business people, stock brokers etc. who use IT in their business and industries on a scale and not just Tally etc.

d. One/ two representatives of our educational and other institutions;

e. Prominent social workers;

f. Representatives of Ekkam and Mahajans, who have some knowledge of IT and use systems in their day to day work;

g. Senior students in the IT stream;

h. Spouses of the above who are interested in the proceedings.

9. Some of the subjects in the agenda may include the following topics:

a. Use of IT in our educational institutes;

b. Use of IT in our social institutions and their projects;

c. Community Internet and Technology Mission for use in Tele-Medicine, Mobile Healthcare and Massive Open Online Courses.

d. How the community can remain connected?;

e. Supply of a system or a lap top to deserving KDO students;

f. Spread of IT education in our community;

g. Giving accounts of the social organisations of their web-sites or on a common platform;

h. Sharing of useful knowledge and information among KDOs;

i. Data maintenance and its usage in developing matrimonies ;

j. Recognition and awards to KDO professionals in the IT field.

k. How our businessmen and industrialists can benefit from IT.

l. How to use the potential of social media to transform all interactions as catalysts to change the ways people use technology to interact with the world around them;

m. KDO achievers in this field.

10. This international Seminar should be planned well in advance so that our eligible brothers and sisters, including from abroad, can plan conveniently and participate proactively in this historic event.

11. These are only general outlines, which can be improved upon and modified depending on the facts and circumstances and the views of the experts, as I am not an IT man, though I was in another IT, viz., Income Tax.

( The author is the former Chief Commissioner of Income Tax)

# કચ્છી કવિતા – પ્રકાશ

સંકલન : નવિન પટેલ

૩

**'કચ્છી કવિતા – પ્રકાશ'**ના ત્રીજા સોપાને આજે ઋતુની મજા માણીએ ? અરે ! ચોંકશો નહીં, આ ગરમીમાં તમને ક્યાંય લઇ જવા નથી, પરંતુ કવિ માટે જેમ કહેવાય છે કે **જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ.** કચ્છી કવિતામાં પણ ઋતુઓ – વાતાવરણ વીશે ખુબ લખાયું છે, થોડુંક માણીએ.

ભારતમાં છ ઋતુઓ હોય છે. આની પરિકલ્પના અને અભ્યાસ વૈદિક કાળથી થતો આવ્યો છે. હિન્દુ નવા વર્ષની શરૂઆત ચૈત્ર મહિના સાથે થાય છે, તેની સાથે શરૂ થતી વસંત ઋતુ કવિઓની ફેવરેટ રહી છે. આજે આપણે જોઇએ કચ્છી કવિઓની કલમે ચિતરાયેલ આ ઋતુની સમૃધ્ધિ.

**કવિ બિહારીલાલ અજાણી**નાં કાવ્ય સંકલન **'મન મોરચંગ'**ની આ એક કવિતા માણીએ.

**વસંત ઋતુ**

**વસંત ઋતુ જો કેડ઼ો ચાગ,**
**ખમી ખોંભરીને ગોતે લાગ,**
**બપોર તપે ને ઠરે રાત,**
**હજી આય શિશિરજો ભાગ,**
**મસ્તીમેં મશગૂલ ભનીનેં,**
**ફૂલડ઼ા પોય ફોરમધા ભાગ,**
**વનરાજી ખિલાય વસંત,**
**જીયણમેં ગાયું ફગવા-ફાગ.**

**(ચાગ = વહાલ, ખમી ખોંભરીને = થોડુંક અટકીને, તપે = ગરમ થવું, ઠરે = ઠંડુ પડવું)**

**કવિ રશ્મિન ખોના**નાં કાવ્ય સંગ્રહ **'રશ્મિનજો રણકાર'**ની એક રચનામાં કવિએ વસંતને રસભરી રીતે આલેખી છે, જોઇએ...

**વસંત**

**તું રાણી ખટ ઋત, અચેં ઉગધે ઉનાડ઼ે,**
**નાં પન્ન નેં નાં ફૂલ, અચેં તરૂવરજીં ડાડ઼ે,**
**શીત ગીન્ને વિદાય, તેજીલે સૂર્ય કે ન્યારે,**
**નાં પીંતાબર ચીર, બે રંગી અંગકે ધારે,**
**હોરી ને શીવરાત, બોય પરભ અંઇ તોજા,**
**ચેંતા ઋતુ વસંત, કરાય મિર્ણી કે મજા,**
**તરૂવર સરવર પાર તેં, વાંસડ઼ી વીર વજાય,**
**'રશ્મિન' ચેં હિન ઋતમેં, નારી રીજે સદાય.**

**(તરૂવર = ઝાડ, નાં = કચ્છીમાં આ દ્વિઅર્થી શબ્દ છે, અત્રે આનો અર્થ'નવા' તરીકે લેવાયો છે. અન્ય અર્થ છે – નામ)**

**કવિ હરેશ ધરજી 'કસભી'**નાં સંગ્રહ **'જર઼ૉર'**માં વસંતનું વર્ણન ખૂબ જ કલાત્ક તળપદી ભાષામાં કરેલ છે. વસંત ઋતુ બારોબાર પરબારી ભાગી ન જાય તેના માટે કવિ લખે છે...

**વસંત**

**મિઠડ઼ી વસંત મ વેજ પરબારો,**
**પગોપગ થીએ તો તોજો અસાંગરો,**
**ઝાડ઼લા છોડ઼લા ઝાડ઼ી ને જાંખરા,**
**જાધ તોજી મેં થેઆ સાવ ભાંખરા,**
**વરી કોયલ ભૂલી વઇ ઓય ટઉકારો,**
**મિઠડ઼ી વસંત મ વેજ પરબારો ...**
**ભાગ ભગીચા ને વન ઉપવન,**
**તેં કે મલણજી તો કે વે સભન,**
**તેનીં કંઢે ડિનોં વો કનસારો,**
**મિઠડ઼ી વસંત મ વેજ પરબારો ...**
**ફૂલ પ અગુણી છડે વેઆ ફોર,**
**વાટ નિઆરે, પન પ ખિરી પેઆ જોર,**
**ઘા મેં પ ન રેઓ અગૂણૂં ધમકારો,**
**મિઠડ઼ી વસંત મ વેજ પરબારો ...**

**(અસાંગરો = વ્હાલાની યાદ- રાહ જોવી, જાધ = યાદ, સભન = સોગંદ, કનસારો = કાનોકાન સાંભળવું, અગૂણી = પુરાણી, ખિરી પેઆ = ખરી જવું)**

કવિ **'તેજ'**ની વસંત પર અનેક સુંદર રચનાઓ રચેલ છે. એમાંની એક **'વસંત વધાઇ'**ની કેટલીક પંક્તિઓ માણીએ.

**વસંત વધાઇ**

**વનરા તે વનનું આવઇયું વધાઇયું,**
**આયા નિયાંપા હલબો જી ... રે !**
**હલો હે જેડલું ! કયું સાંભાઇયું,**
**પાંએ વસંત સંગ ખેલબો જી ... રે !**
**નીરી વનરાઇ મેં ઝુલઝુલ ઝુલબો,**
**ફૂલઇ ફૂલવારિયેં ફિરબો જી ... રે !**
**ખિલી ખિલીનેં કલિયું ખિલાઇબો,**
**પાંખડ઼ીયેં પ્રીત્યું બધબો જી ... રે !**
**હકલું કરેને વનપરિયું ઉતારબો,**
**રંગભર રાસુડ઼ા રમબો જી ... રે !**
**ખંજરીજે તાલ મથે તાડ઼િયું ડીબો,**
**ઝાંઝરીમેં ઝુમઝુમ ઝુમબો જી ... રે !**

અત્રે વિવિધ કવિતાઓ પ્રસ્તુત કરી કચ્છી કવિઓ તથા કવિતાઓના ઊંડાણ તથા કચ્છી સાહિત્યની ક્ષમતાની જાણકારી સૌને આપવાની નેમ છે. આપના પ્રત્યુતર જણાવશો.

## સર્વ સંતાપોની સાચીદવાઃ શ્રી પંચ સૂત્રમ....

કેટલાક રોગોમાં આરામ થઇ જવા છતાં ડૉક્ટરની દવા દિવસમાં ત્રણ વાર તો અવશ્ય ચાલુ રાખવી પડે છે. જો રોગનો હુમલો વધી જાય તો દવાનો ડોઝ પણ વધારી દેવો પડે છે. તેમ આ પંચસૂત્રનો સ્વાધ્યાય મનમાં ભય, ચિંતા, અજંપો કે બળાપો વગેરે કોઇ રોગ ન હોય તો દિવસમાં ત્રણ વારનો કરવો, જો રોગનો હુમલો વધી જાય તો આ સૂત્રનો સ્વાધ્યાય વારંવાર ચાલુ કરી દેવો. હાર્ટના હુમલામાં તૂર્ત જ રાહત આપતી Sorbitrate ની ગોળીની જેમ આ સૂત્રનો સ્વાધ્યાય પણ તત્કાળ સુખ, શાંતિ અને સમાધિનો અનુભવ કરાવે છે. દિવસમાં આટલું ત્રણ વાર અવશ્ય કરો.

### આદ્ય મંગલ

હે વીતરાગ પરમાત્મા !!! આપને નમસ્કાર થાઓ ! હે સર્વજ્ઞ પ્રભુ !!! આપને નમસ્કાર થાઓ! હે દેવેન્દ્રથી પૂજાયેલ પ્રભુ !!! આપને નમસ્કાર થાઓ! હે પરમ સત્યને કહેનારા નાથ !!! આપને નમસ્કાર થાઓ ! હે ત્રણ ભુવનના જગદગુરુ આપને નમસ્કાર થાઓ. આવા આવા ઉત્તમ વિશેષણોને ધારણ કરનારા હે અરિહંત ભગવંત !!! આપને મારા કોટિ કોટિ પ્રણામ હો!

### હે મારા અંતર્યામિ પ્રભુ !!!

આપે છ વાતો આ મુજબ ફરમાવી છે

(૧) જીવ અનદિકાળથી છે.

(૨) જીવનો સંસાર અનાદિકાળથી છે.

(૩) જીવનો કર્મોનો સંયોગ પણ અનાદિકાળથી છે. અનાદિકાળથી ચાલ્યો આવતો આ સંસાર

(૪) સ્વયં 'દુઃખસ્વરૂપ' છે..

(૫) ભોગવ્યા બાદ ફળમાં દુઃખ અપનારો હોવાથી ''દુઃખફલક'' છે.

(૬) અને એ દુઃખોની પરંપરા ચાલુજ રહેતી હોવાથી ''દુખાનબંધી'' પણ છે.

### હે વિશ્વવત્સલ વિભુ !!!

આવા દુઃખરૂપ સંસારનો નાશ કરાવાના ઉપાયો આ મુજબ જણાવ્યા છે. દુઃખસ્વરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી સંસારનો નાશ શુદ્ધધર્મ દ્વારા થાય છે. શુદ્ધ એવા ધર્મની પ્રાપ્તિ ''પાપ કર્મોનો વિનાશ થવાથી થાય છે. પાપકર્મોનો વિનાશ ''તથા ભવ્યત્વના'' પરિપાકથી થાય છે.

હે પરમ કરૂણાનિધાન પ્રભુ!!! સાધ્ય વ્યાધિ સમાન આ તથા ભવ્યત્વનો પરિપાક કરવા માટે આપે ત્રણ સાધનો જણાવ્યા છે

(૧) ચાર શરણનો સ્વીકાર

(૨) દુષ્કૃતની ગર્હા

(૩) સુકૃતની અનુમોદના.

સંસારથી છૂટવાની અને મોક્ષ પામવાની ઇચ્છાવાળા જીવાત્માએ આ ઉપાયોનું સેવન નિયમિત ઉપયોગ પૂર્વક ચાલુ રાખવું. હા...! જ્યારે જ્યારે ચિત્ત અપ્રસન્ન હોય, મનમાં ભય, ખેદ, દ્વેષ, ચિંતા આદિ સંકલ્પ વિકલ્પો ઉભરાતા હોય ત્યારે તો વારંવાર આ ત્રણ ઉપાયોનું સેવન કરવું (ટેન્શન હોય ત્યારે વારંવાર આ સૂત્રનો પાઠ કરતા રહેવું) જો કદાચ મનની આવી અશાંત અને ડામાડોળ સ્થિતિ ન હોય તો પણ આ ત્રણ ઉપાયોના સેવન સ્વરૂપ આ સૂત્રનો પાઠ દિવસમાં ત્રણ વાર અને સંધ્યાએ તો અવશ્ય કરવો.

હે દયાના સાગર મારા વ્હાલા પ્રભુ !!! મારા વ્હાલા પ્રભુ !!! મારા કલ્યાણ માટે આપે ફરમાવેલ ત્રણ ઉપાયોનું સેવન ખરા અંતકરણાથી હવે શરૂ કરૂં છું.

### ચાર શરણનો સ્વીકાર

**૧) અરિહંતાનું શરણ :** કે અરિહંત ભગવંતો!!! આપ ત્રણ લોકમાં સર્વ શ્રેષ્ઠ છો! આપ સર્વોત્કૃષ્ટ પૂણ્યના ભંડાર છો! આપ રાગદ્વેષ અને મોહને જીતનારા છો! આપ અચિંત્ય ચિંતામણી રત્ન સમાન છો! આપ આ સંસાર સાગર તરવા માટે જહાજ સ્વરૂપ છો! હે દયાના

સાગર !!! હે કૃપાના ભંડાર !!! હે અનાથના નાથ!!! હે અનંતાનંત અરિહંત ભગવાન!!! આપ જ મારૂ જીવનભર એકમેવ શરણ છો! આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઉભરાતા આ અફાટ સંસાર સાગરમાં અટવાયેલો હું અનન્ય અને અકામ ભાવે આપની શરણગતિ સ્વીકારૂં છું.

## ૨) સિદ્ધ ભગવતોનું શરણ :

- આપ જન્મ-મરણથી રહિત છો !
- આપે કર્મરૂપી કલંકને ધોઇ નાખ્યું છે !
- આપે સર્વ પીડાઓથી મુક્ત છો !
- આપ કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શનનેધારણ કરનારા છો !
- આપ સિદ્ધશીલા નામની શાશ્વત નગરીના નિવાસી છો !
- આપ નિરૂપમ સુખના ભોક્તા છો !
- આપના સર્વ કાર્યો સંપન્ન થયા છે !
- આપ સર્વથી કૃતકૃત્ય છો
- પ્રગટ પ્રભાવિ હે સિદ્ધ ભગવંતો !!!

જીંદગીભર માટે આપજ મારૂં સાચું શરણ છો. હલાહલ કલિયુગમાં ચોતરફથી દાઝી રહેલો હું હયના સાચા ભાવપૂર્વક આપણું શરણ સ્વીકારૂં છું.

## (૩) સાધુ ભગંવતનું શરણ

- આપ પ્રશાંતતા અને ગંભીરતાના મહાસાગર છો!
- આપ સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિઓથી સર્વથા વિરામ પામેલા છો
- આપ પંચાચારના પરિપાલન સમુદ્યત છો!
- આપ સર્વ જીવો પર પરોપકાર કરવામાં તલ્લીન છો!
- આપ આ સંસારના કાદવથી અલિપ્ત છો!
- આપ સંસાર સરોવરમાં પદ્મકમલ જેવા નિર્મળ છો!
- આપ સદાને માટે ધ્યાન અને સ્વાધ્યાયમાં તત્પર છો!
- આપ સદૈવ બીજાનું ભલુકરવાના વિશુદ્ધ વિચારોમાં રમણ કરનારા છો!
- હે હિતકારી! હે ઉપકારી! હે પરમોપકારી સાધુ ભગવંતો!!! આપના સદગુણોનું શરણ સ્વીકારૂ છું.

## (૪) ધર્મનું શરણ

હે કેવલી પ્રરૂપિત જિનધર્મ !!!

- તું દેવ-દાનવ અને માનવોથી પૂજાએલો છે.
- હે જિનધર્મ ! મોહરૂપી અંધકારનો નાશ કરવા માટે તું સૂર્ય સમાન છે.
- હે જિનધર્મ ! રાગદ્વેષ રૂપી ઝેરનો નાશ કરવા માટે તું પરમકક્ષાનો મંત્ર છે.
- હે જિનધર્મ ! સર્વ જીવોના કલ્યાણ તું એક માત્ર કારણ છે.
- હે જિનધર્મ કર્મ રૂપી વનને બાળી મૂકવા તું દાવાનલ સમાન છે.
- હે જિનધર્મ તુંજ અમારા સિદ્ધ સ્વભાવને પ્રગટ કરી આપનાર છે.
- હે જિનધર્મ! તું અરિહંત પરમાત્માના શ્રી મુખેથી પ્રગટ થયેલો છે હે નોધારાનો આધાર! હે અનાથનો નાથ! હે વિશ્વમાં સર્વોત્કૃષ્ટ એવા જિનધર્મ!!! હું ભવોભવ સુધી તારૂં શરણ સ્વીકારૂં છું. હે જિનધર્મ!!!! ચાર ગતિ અને ૮૪ લાખ જીવયોનીના ભવભ્રમણામાં અટવાયેલો હું આજથી મન-વચન કાયાથી આપનું શરણ સ્વીકારૂં છું.

## હે પ્રાણેશ્વર પરમાત્મા !!!

આ પ્રમાણે અરિહંત સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણ સ્વીકારવાથી મારી બુદ્ધિ નિર્મળ બની છે. હવે મને પાપકર્મો અને દુષ્કર્મો પ્રત્યે દુર્ભાવ પેદા થયો છે. ભૂતકાળમાં મેં કરેલા પાપકર્મોની હું પશ્ચાતાપ પૂર્વક પંચ પરમેષ્ઠી સમક્ષ ગર્હા નિંદા શરૂ કરૂં છું. હે પરમેષ્ઠી ભગવંતો !!! આ સંસાર વાસમાં ક્યારે પણ

અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, આચાર્ય

ભગવંતા, ઉપાધ્યાય ભગવંતા, સાધુ ભગવંતો, સાધ્વીજી ભગવંતોની અશાતના કરી હોય, બીજા પણ ધર્મના સ્થાન રૂપ ગુણાધિક એવા માનનીય અને પૂજનીય આત્માઓ પ્રત્યે અયોગ્ય વર્તન કર્યું હોય, જન્મ જન્માંતરમાં પ્રાપ્ત થયેલા, માતાઓ, પિતાઓ, ભાઇઓ, મિત્રો અને ઉપકારીઓ પ્રત્યે મેં જે વિપરીત આચરણ કર્યું હોય, તેમનું દિલ દુભવ્યું હોય તોતે બદલ ક્ષમા યાચું છું.

હે પ્રાતઃસ્મરણીય પરમાત્મા!!! હું કેટકેટલાને યાદ કરૂં ?, સામાન્યથી કહું તો આ વિશ્વમાં મોક્ષ માર્ગમાં રહેલા કે મિથ્યાત્વરૂપી ઉન્માર્ગમાં રહેલા સર્વજીવો પ્રત્યે તથા મોક્ષમાર્ગના સાધનરૂપ પુસ્તકાદિ ઉપકરણો પ્રત્યે તથા ઉન્માર્ગના સાધનરૂપ તલવાર આદિ આધિકારણો પ્રત્યે અવિધિએ પરિભોગ કરવાદ્વારા મે જે કંઇપણ વિપરીત આચરણ કર્યું હોય ન આચરવા યોગ્ય એવું પાપનુંબંધી પાપ આચર્યું હોય, પછી તે પાપ આ જન્મમાં કે જન્માંતરમાં કર્યું હોય. તે પાપ સૂક્ષ્મ હોય કે સ્થુલ હોય, મનથી, વચનથી કે કાયાથી, રાગથી, દ્વેષથી કે મોહથી કર્યું હોય, કરાવ્યું કે અનુમોદ્યું હોય તે સઘળું અવશ્ય નિંદા કરવા યોગ્ય છે. દુષ્કૃત્ય સ્વરૂપ છે, છોડી દેવાજેવું છે. આ વાત એકાંતો મિત્ર એવા મારા ગુરૂભગવંતના વચનથી જાણી છે અને એ વાત જ બરાબર છે એવું મારા હૈયામાં રૂચિ ગયું છે. માટે, હે અરિહંત પરમાત્મા!!! હે સિદ્ધ ભગવાન!!! આપની સમક્ષ હું એ પાપો અને દુષ્કૃત્યોની ગર્હા કરૂં છું. તે પાપો છોડવા જેવા છે. મારા એ સર્વ પાપો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ! મિથ્યા થાઓ. હે પ્રભુ! તે ભૂલો બદલ ફરીને ફરીને મિચ્છામિ મિચ્છામિ દુક્કડં! મિચ્છામિ દુક્કડં!

## હે વિશ્વવત્સલ વિભુ !!!!

આ પ્રભાવે મેં જે દુષ્કૃત ગર્હા કરી, તેમાં આપના પ્રભાવથી મારા અંતરના સાચા ભાવો ભળો. હે વિશ્વવાલેશ્વરનાથ!!! મેં જે પાપોની ગર્હા-નિંદા કરીછે તે પાપો હવે પછી જીવનમાં ક્યારેય પણ ન કરૂં એવો અકરણ નિયમ મને આપના પ્રભાવે પ્રાપ્ત થાઓ આ દુષ્કૃતની ગર્હા અને પાપ અકરણ નિયમ મને ખૂબ ખૂબ ગમે છે તે માટે જ હે અરિહંત ભગવાન!!! હે કલ્યાણ મિત્ર ગુરૂદેવો!! આપની હિતશિક્ષા મને વારંવાર પ્રાપ્ત થાઓ આપ ઉભયનો સંયોગ પણ મને વારંવાર પ્રાપ્ત થાઓ! આપનો સંયોગ પામવા માટે કરાતી આ પ્રાર્થના ખરેખર સુપ્રાર્થના (ફલવતી) બનો! આ સુ-પ્રાર્થના પ્રત્યે પણ મને અત્યંત બહુમાન ભાવ છે. હે પ્રભો! આવી સુપ્રાર્થના દ્વારા મનો પુણ્યાનુંબંધિ પુણ્યસ્વરૂપ મોક્ષબીજની પ્રાપ્તિ થયો. હે તરણતારણા અરિહંત પરમાત્મા!!! હે પતિત પાવન કલ્યાણમિત્ર ગુરૂદેવો!!! સાચા અંતઃકરણપૂર્વક કરેલી મારી પ્રાર્થનાના પ્રભાવે એક એવી ધન્ય પળ જરૂર આવશે કે જ્યારે આપ ઉભયનો સાક્ષાત સંયોગ મને સંપ્રાપ્ત થશે તે માટે અત્યારથીજ સંકલ્પ મુકું છું કે, આપ જ્યારે મને મળો ત્યારે હું આપની સેવાને યોગ્ય થાઉં. હું આપની આજ્ઞાનું પાલના કરવાને યોગ્ય થાઉ. હું આપની આજ્ઞાને સ્વીકારનારો થાઉં. હું આપની આજ્ઞાને નિરતિચાર રીતે પાળનારો થાઉ એવી મારા અંતરની ઇચ્છા આપના પ્રભાવે વહેલી તકે પરિપૂર્ણ હોજો!

હે સાર્વભૌમ ચક્રાથીશ્વર પ્રભુ!!! શરણાગતિ અને દુષ્કૃતગર્હાની જલધારે સિંચાઇને સંવિગ્ન બનેલો એવો હું હવે યથાશક્તિ સુકૃતની અનુમોદનાનું કાર્ય શરૂ કરૂં છું. હે મારા મસ્તકના તાજ! મારા હૈયાના હાર! મારા વ્હાલા પ્રભુ!!!

૧) આ વિશ્વમાં થયેલા ત્રણેકાળના અનંતાનંત અરિહંત પરમાત્માઓના ધર્મદેશનાદિ ઉપકારોની અનુમોદન કરૂં છું ૨) સર્વ સિદ્ધ ભગવંતોના અનંત, અક્ષય અવ્યાબાધાદિ સ્વરૂપ સિદ્ધ-ભાવની અનુમોદન કરૂં છું ૩) તમામ આચાર્ય ભગવંતોના પંચચારના પાલનરૂપ સુકૃતોની અનુમોદના કરૂં છું. ૪) સર્વ ઉપાધ્યાય ભગવંતોના જ્ઞાનદાનરૂપ સુકૃતોની અનુમોદના કરૂં છું. ૫) સમસ્ત સાધુ ભગવંતોની સ્વાધ્યાય આદિ સુકૃતોની અનુમોદના કરૂં છું. ૬) સઘળાયે શ્રાવકોના મોક્ષમાર્ગ રૂપ મુનિ-વૈયાવચ્ચ આદિ સુકૃતોની અનુમોદના કરૂં છું ૭) જેઓ નિકટમાં જ મોક્ષ પામવાવાળા છે જેઓ શુદ્ધ સરલ આશયવાળા છે, એવા ઇન્દ્રાદિ દેવોના તથા ભવ્ય એવા સર્વજીવોના મોક્ષ માર્ગના સાધન રૂપ જે

કંઇ સદાચાર વગેરે શુભ કાર્યો હોય તેની હું સાચા દિલથી અનુમોદના કરૂં છું.

હે સર્વશ્રેષ્ઠ ગુણોથી યુક્ત અરિહંત પરમાત્મા !!! આપના અચિંત્યા સામર્થ્યના બળથી મારી આ સુકૃત અનુમોદના સૂત્રાનુસારે વિધિ પૂર્વક બનો... આ અનુમોદન શુદ્ધ આશયવાળી અને કર્મનો નાશ કરનારી બનો આ અનુમોદના સમ્યગ ક્રિયા સ્વરૂપ બનીને આપની આજ્ઞાના સ્વીકાર કરવનારી બનો... આ સુકૃત અનુમોદના કોઇ પણ પ્રકારના દોષ વિનાની નિરતિચાર બની રહો.

## મધ્યમ - મંગલ

હે અચિંત્ય શકિતને ધારણ કરનારા અરિહંત ભગવંતો!!! આપ વીતરાગ છો! આપ સર્વજ્ઞ છો, આપ સ્વયં પરમ કલ્યાણ સ્વરૂપ છો! સર્વ જીવોના પરમ કલ્યાણનું કારણ પણ આપ જ છો! હે મારા નાથ!!! આપ આવા સામર્થ્યવાળા મને મળ્યા હોવા છતાં મારી કથની આપને શું કહું? હું ખરેખર કેવો મૂઢ છું! કેવો પાપી છું! અનાદિકાલિન મોહના સંસ્કારોથી કેવો વાસિત છું કે મારા હિત અને અહિતને પણ જાણી શક્યો નથી.

## હે પરમપિતા પરમાત્મા !!!

હું નમ્ર ભાવે આપને જણાવું છું કે આપના અચિંત્ય પ્રભાવથી હું મારા હિત અને અહિતનો જાણકાર થાઉ ! અહિતથી વિરામ પામનારો થાઉં. હિતમાં પ્રવૃતિ કરનારો થાઉં, સર્વ જીવો સાથે ઉચિત વર્તન કરનારો થાઉં અને સાચો આરાધાક થાઉં કારણ કે તેમ કરવામાં જ મારૂં હિત છે. હે વિશ્વાવવાલેસર !!! આ પ્રમાણે સુકૃતની અનુમોદના કરનારો એવોહું પણ હવેથી સુકૃતને ઇચ્છું છું. સુકૃતને ઇચ્છું છું, વારંવાર સુકૃતને ઇચ્છું છું આ પ્રમાણે આવા ઉત્કૃષ્ટ ભાવો સાથે જે આત્માઓ આ સૂત્રનો સારી રીતે પાઠ કરે છે, સારી રીતે તેનું ચિંતન કરે છે. તે આત્માઓ પર ભૂતકાળમાં લાગેલ અશુભ કર્મોના બંધનો ઢીલા પડે છે. તે કર્મોના પુદગલો ખરવા માંડે છે, તે કર્મોની દીર્ઘસ્થિતિનો પણ નાશ થવા લાગે છે. અરે! તે કર્મોના અનુબંધો પણ સર્વથા નાશ પામી જાય છે.

પગે સર્પદંશ થયા પછી અંગુઠાને દોરી થી બાંધી દેવાથી જેમ ઝેર આગળ વધતું નથી. તેમ આ સૂત્રનો પાઠ કરવાથી કર્મનું ઝેર પણ આગળ પ્રસરતું અટકી જાય છે. દુઃખ દેનારા કર્મો નિરાનુબંધ થઇ જાય છે આ સૂત્રના પ્રભાવથી તે કર્મોનું સામર્થ્ય ખલાસ થઇ જાય છે કર્મોનું ફળ સાવ અલ્પ થઇ જાય છે. તે કર્મોને સહેલાઇથી સંપૂર્ણતયા આત્મા પરથી દૂર કરી શકાય છે. પછી ફરી તેવા કર્મોનો બંધ થતો નથી. ભૂતકાળમાં ભોગવ્યા તેવા દુઃખો ભવિષ્યમાં ભોગવવા પડતા નથી.

આ સૂત્રનો સ્વાધ્યાય કરનારા પાઠકોના જીવનમાં શુભકર્મોના અનુબંધો ભરપૂર પ્રમાણમાં ભેગા થાય છે. શુભ ભાવનાઓની વૃદ્ધિ થવાથી તે પુણ્યકર્મો પરિપુષ્ટ બને છે. અત્યંત બલવાન બનેલા શુભકર્મો જીવાત્માને મોક્ષ સુધી પહોંચાડે છે. શુભ અધ્યવસાય સાથે કરેલા ચા સુત્રના સ્વાધ્યાયથી જે પુણ્યકર્મો પેદા થાય તે પુણ્ય કર્મોની પાછળનો અનુબંધ એટલો બધો ઉત્કૃષ્ટ હોય છે કે તે ઉત્તમ શુભ ફળ આપે છે.

દા.ત. મહાવ્યધિમાં આપેલું કોઇ કલ્યાણકારી ઔષધ જેમ અચૂક પરિણામ દેખાડે છે તેમ આ શુભકર્મોના અનુબંધો પણ અચૂક ફળ આપનારા બને છે નવા તેજસ્વી શુભકાર્યોમાં પ્રવૃત્તિ કરાવનારા બને છે. પરમસુખનું કારણ બને છે. માટે આવા કારણોને જાણીને સાંસારિક ફલની આશંસા રહિત બનીને ચિતના અશુભ ભાવોને દૂર કરીને જો આ સૂત્રનો સ્વાધ્યાય કરવામાં આવે તો આ સૂત્ર શુભ ભાવોનું બીજ બને છે. એકાગ્રતાને ધારણ કરીને આ સૂત્રનો સારી રીતે પાઠ કરવો. સારી રીતે શ્રવણ કરવું. સારી રીતે પરિભાવન કરવું.

## અંતિમ મંગલ

નમસ્કરણીય એવા દેવેન્દ્રો, નરેન્દ્રો અને ગણધરો દ્વારા પણ જેને નમસ્કાર કરવામાં આવ્યો છે એવા હે પરમ ગુરૂ!!! હે વિતરાગ ભગવંત!!! આપને મારા કોટિ કોટિ પ્રણામ!!

નમસ્કરણીય એવા હે આચાર્ય આદિ મુનિવરો!!! આપને મારી વારંવાર વંદના!!! વીતરાગ સર્વજ્ઞ પ્રણિત જિનશાસન જય પામો! સર્વોત્તમ એવા સમ્યકૃત્વની પ્રાપ્તિ કરીને જગતના સર્વ જીવો સુખી થાઓ! સુખી થાઓ! સુખી થાઓ!

*સંકલન : **લક્ષ્મીચંદ ચાપશી દંડ***
***(જિનાજ્ઞા) : મો. ૯૩૭૪૮૮૧૩૦૦***

નમામિ જ્ઞાતિ મૈયે

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન
## શ્રેષ્ઠીશ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા રવા - (ચેમ્બુર)
## સમસ્ત મહાજન કે.ડી.ઓ આકસ્મિક (Accidental) મૃત્યુ વિમા યોજના

આ યોજનાને મુતઃ સ્વરૂપ આપી કાર્યરત કરવા માતબર રકમનું અનુદાન આપી આઠમાં વસ્તીપત્રકમાં નોંધાયેલ તમામ જ્ઞાતિજનો માટે આકસ્મિક મૃત્યુ સામે (૩૦ માર્ચ ૨૦૧૪થી ૨૯ માર્ચ ૨૦૧૫ ૨૦૧૫) માટે વિમાનું અભુતપુર્વે કચવ પુરું પાડી.

શ્રી કીરીટભાઈ કે જેઓ સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી પણ છે. આપે જ્ઞાતિ મૈયાની અદ્વિતીય - ઊલ્લેખનીય સેવા કરી છે, એટલું જ નહીં આગામી એક વર્ષ માટે પણ સ્વંય વચનબધ્ધતા દાખવી છે.

## ખુબ - ખુબ : અનુમોદના

● આ વિમો બજાજ એલીયાન્સ કંપની મારફત વિમા કંપનીની શરતોને આધીન લેવાયેલ છે.

● જ્ઞાતિના અધિકૃત છેલ્લા અદ્યાવત કરાયેલ વસ્તીપત્રકમાં નોંધાયેલ નવજાત શીશુથી વયોવૃધ્ધ તમામ જ્ઞાતિજનો આ યોજનામાં સામેલ છે. જેમાં ઊંમરનો કે માંદગીનો કોઈ બાધ નથી.

● આ માટે જ્ઞાતિજનોએ કોઈ પ્રકારનો ખર્ચ / ચાર્જીસ આપવાના નથી કે કોઈ પ્રકારની પ્રક્રિયા કે ફોર્મ કોમ અત્યારે ભરવાની કડાકુટ નથી.

● આકસ્મિક મૃત્યુ થયે....

પોલીસ પંચનામું, એફ.આય.આર, પોસ્ટમોર્ટમ રીપોર્ટ, ડેથ સર્ટીફીકેટ, હોસ્પીટલાઈજેસન થયું હોય તો તેની ફાઈલ, વગેરે ડોક્યુમેન્ટ સહ વિમા કંપનીના જરૂરી ફોર્મ તથા કાનુની વારસદારનું સોંગદનામું વગેરે ભરી એફીડેવીટ કરાવી આપવું અનિવાર્ય રહેશે. આ ઊપરાંત વિદેશમાં વસવાટ કરતા જ્ઞાતિજનો માટે **PIO** કોપી આપવાની રહેશે. ઊપરોક્ત પ્રકિયા પુર્ણ થયે..... વારસદાર રૂ. ૨.૫૦ લાખનો ક્લેઈમ મેળવવાને પાત્ર રહેશે.

આ યોજનાને સાકાર કરવા સમસ્ત મહાજન વન વિન્ડો સીસ્ટમ સમિતિના કન્વીનર ઈંદીરાબેન વિકમશી, શ્રી ક.દ.ઓ. વસ્તીપત્રક સમિતી જ્ઞાતિના અગ્રણી, વિમા એજન્ટોઃ શ્રીયુત શ્રી બીપીન પાશ્વીર નાગડા, શ્રી રમેશભાઈ શાહ, શ્રી હીરાચંદભાઈ મૈશેરી તથા લીતેશભાઈ ખોના વિ. નો. ખુબ સુંદર સહયોગ સાંપડયો તે બદલ આભારી છીએ.

## ખાસ નિવેદન

આપના ઘરે જન્મતા બાળકની નોંધ, આંતરજ્ઞાતીય લગ્નથી પુત્રવધુ સ્પે જ્ઞાતિમાં સમાવિષ્ટ થતી ઈતર જ્ઞાતિની કન્યાની નોંધ, આંતરજ્ઞાતીય લગ્ન કરીને જ્ઞાતિમાંથી વિદાય થતી દિકરીની નોંધ, વિદાય, લેતાં સ્વજનની નોંધ આ બધી આધારભુત નોંધો લેખીતમાં સમસ્ત મહાજન ઉપરાંત વસ્તીપત્રક સમિતીને અચુક ૧૫ દિવસનો અંદર મોકલાવવા વિનંતી છે. આપના પરિવારના નામોની થયેલ યોગ્ય નોંધણીની ચોક્કસાઈ વસ્તીપત્રકમાં કરી લેવી જરૂરી છે. અન્યથા વિમા કવચ માટે સમસ્ત મહાજન વસ્તીપત્રક સમિતિ કે વિમા કંપનીની કોઈ જવાબદારી રહેશે નહીં.

## શબ્દાનંદ



### આડી ચાવી

૧. ધજાનો દંડ (૪)
૪. જરા - મરણ વિનાનું (૫)
૭. આ હોય તો માળવે જવાય (૨)
૮. અથડામણ, સામનો (૩)
૯. ઈસ્લામના એક ખલીફ (૨)
૧૦. સદ્‌ભાવના, આદર (૨)
૧૨. ભેદ, રહસ્ય (૨)
૧૩. યે તો.... હો ગયા (૩)
૧૪. પાણીનો ઘાટ (૪)
૧૬. અસાવધ (૩)
૧૭. રોકડા પૈસા (૩)
૧૯. એક તેજાનો (૨)
૨૦. આડખીલી, નડતર (૩)
૨૨. ઉપયોગ, જરૂર (૨)
૨૩. લાલ રંગનું (૨)
૨૪. દ્વેષ, શત્રુવટ (૩)
૨૫. બાર મહિનાનો સમય (૨)
૨૬. પિતાના ભાઈ (૨)
૨૭. એક જાતનું સ્ત્રીઓનું વસ્ત્ર (૩)
૩૦. દુ:ખ, શોક (૨)
૩૨. શિક્ષા, નસિયત (૨)
૩૪. ગામનું પછવાડું, ભાગોળ (૪)
૩૬. ઝટ રડી પડે એવું (૩)
૩૭. ઊલટી (૩)
૩૮. પેટમાંનું મોટું આંતરડું (૨)

### ઊભી ચાવી

૧. ધમાલ, તોફાન (૫)
૨. જીવી, પ્રાણ (૨)
૩. ઊની ઊની..... ને કારેલાંનું શાક (૩)
૪. ઉમેદ, અભિલાષા (૪)
૫. દેશ, રાજ્ય (૨)
૬. તકરાર, ખેંચાખેંચી (૪)
૯. મસ્ત, શોખીન (૪)
૧૧. જડ, નઠોર (૪)
૧૪. અણસારો, ઈશારો (૪)
૧૫. ટંકાવાથી થતો અવાજ (૨)
૧૮. દરમિયાનગીરી કરવી તે (૩)
૧૯. કબૂલાતની સહી (૨)
૨૧. સૌભાગ્યવતી સ્ત્રી (૩)
૨૩. એક છોડનાં બી (૪)
૨૪. ખીલવું તે (૩)
૨૫. ભલું, સરળ (૩)
૨૮. સંયમ, નિગ્રહ (૩)
૨૯. કદરૂપું (૩)
૩૧. વિચાર, અભિપ્રાય (૨)
૩૩. જવાની ક્રિયા (૨)
૩૫. રંગ, વર્ણ (૨)



**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 13, 15, 19, 25, 29, 42, 67, 73, 78, 82, 96.

**3 Digit Nos :** 162, 241, 487, 538, 542, 629, 753, 845, 947, 839.

**4 Digit Nos :** 1294, 1728, 3217, 3643, 5146, 5516, 6253, 8145, 9128.

**5 Digit Nos :** 18349, 19275, 19642, 21543, 46591, 56721, 58432, 61934, 82736, 92886, 97123,

**6 Digit Nos :** 267351, 341212, 428395, 663498, 792316



**Q : What is Faster, hot or cold?**

**A : Hot; Because you can catch cold.**

Science is nothing but developed perception, interpreted intent, common sense rounded out and minutely articulated.

ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૩૦.૦૭.૧૯૩૧

અરિહંત શરણ :
તા. ૨૮.૦૪.૨૦૧૪

# ગોવિંદજી જીવરાજ લાલકા

(લાલા - મુલુંડ)

કર્મો સદા એવા કર્યા કે, હૃદયમાં સૌના ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં,
ધર્મ કદી ભૂલ્યા નહીં, સૌના હૃદયમાં વસતા રહ્યા.
આપની વાત્સલ્યતાની સ્મૃતિઓ આંખો ભીંજવે છે.
આપનો દિવ્ય આત્મા મોક્ષપદને પામો એજ પ્રાર્થના....

*** શ્રધ્ધાસુમન અર્પણ કરનાર ***

શ્રી. જીવરાજ જેઠાભાઈ લાલકા પરિવાર (લાલા)
શ્રી. કાનજી ભાણજી મોતા પરિવાર (તેરા)
શ્રી. લક્ષ્મીચંદ લાલજી રામજી પરિવાર (લાલા)

ઋણ સ્વીકાર :

અમારા પરિવારની દુઃખદ ઘડીમાં પ્રત્યક્ષ, પત્ર, ફોન, ઈ-મેલ થી
અમોને આશ્વાસન આપી અમારા દુઃખમાં સહભાગી થયેલ સર્વ સગા સબંધીઓ,
સ્નેહીજનો, મિત્રો સર્વનાં અમો ઋણી છીએ - પરિવારજનો

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ભાંડુપ દેરાસરજીમાં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને હીરા જડીત આંગી અર્પણ

પ.પૂ.સા. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના સંસારી સંબંધીઓ માતુશ્રી ખેતબાઇ ખીમજીલાપશીયા સાંયરા અને માતુશ્રી સોનબાઈ મેગજી ગોશર બાયઠવાળાપરિવારે પૂજયશ્રીની પ્રથમ પુણ્યતિથીએ

પાવન બન્યા સુજાપુરે અમ ગેહ...

**॥ શ્રી સુજાપુર મંડન અજિતનાથાય નમઃ ॥**

ગુરૂકૃપાના વરસ્યા અમી મેહ...

કચ્છ અબડાસાની પવિત્રભૂમિ પર
વિચરી જાગૃતિનો સંદેશ પ્રસારી પ્રાચીન પંચતીર્થી આદિની
દર્શનયાત્રાએ પધારી શ્રીસંઘો-મહાજનોને પ્રેરણા પીયૂષનું પાન કરાવી
અમારા **સુજાપુર નગર**ના આંગણે
સંઘશિરછત્ર-તપસ્વીરત્ન-અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ** એવં
સાહિત્યદિવાકર-રાજસ્થાન-દક્ષિણદિપક પ.પૂ.આ.ભ.
**શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબ** આદિના
પાવન પદાર્પણે આવી આનંદની ઘડી... વંદના કરીએ ભક્તિ-ભાવથી...

**ગુરૂવરોના થાય જ્યાં પાવન પગલા... ત્યાં થાય પુન્યના ઢગલા...**

શાસનપતિ-ચરમતીર્થપતિ ભગવાન મહાવીરના ૨૬૧૨મા જન્મકલ્યાણકના પાવનદિને
બન્ને સૂરિવરોના પાવન પધરામણીથી શ્રીસંઘમાં હર્ષની હેલીઓ-ઊર્મીઓ ઉછળી...
દેવ-ગુરૂ-ધર્મના ઉપકાર સ્મરણના પ્રવચને અંતરંગ રંગે સૌ રંગાયા...
અમારા ગૃહાંગણે ગુરૂદેવોના કુમકુમ પગલા પડ્યા... આનંદના સાગરિયા હેલે ચઢ્યા...
અમૂલ્ય અવસર અમારા જીવનસ્મૃતિનો સંભારણારૂપ બની ગયો...
વહી ગયો પ્રસંગ.. રહી ગયો રંગ...

**પદાર્પણ પાવન દિનઃ વિ.સં. ૨૦૭૦ ચૈત્ર સુદ-૧૩, શુક્રવાર તા. ૧૨-૪-૨૦૧૪**

સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ તથા સંઘ પૂજન થયેલ
**શ્રી હિરાચંદ વ. શાહ, શ્રી લેરીન વ. ખોના, શ્રી હંસકુમાર લ. છેડા**
ત્રણેય પરિવારોએ લીધેલ.
દર વર્ષની જેમ "**શ્રી અજિતનાથ જિનાલય તીર્થ**"ની
વિ.સ. ૨૦૭૦ મહા સુદ-૬ના પાવન દિવસ **તા. ૫-૨-૧૪ અઢારઅભિષેક** અને
**૧૩૨મી ધ્વજારોહણ** વિધિનો પ્રસંગ શાશનરત્ન **મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., મુનીશ્રી આર્યરત્નસાગરજી મ.સા., મુનિશ્રી જગવલ્લભસાગરજી મ.સા.**ના
પાવન સાનિધ્યે પ્રસંગ ઉજવાયો સહ ગામજમણ અને સાધર્મિકભક્તિનો લાભ પણ
ઉપરોક્ત ત્રણે પરિવારોએ લીધેલ.

**ધ્વજારોહણનો લાભઃ કુમાર વૃષભ જયમન લેરીન ખોના પરિવારે લીધેલ.**

**આવતી ૧૩૩મી ધ્વજારોહણનો દિવસ રવિવાર તા. ૨૫-૧-૨૦૧૫
મહાસુદ-૬ નોંધ રાખવી અને લાભ લેવા વિનંતી.**

**લિ. શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ**



પૂજયશ્રીના ઉપદેશે ભરાવેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને મોંઘા મુલની દર્શનપ્રિય હીરા જડીત આંગી સંગીતના સૂરો સાથે ઢોલના શરણાઈના વાદનો સાંખ્યાબંધ ભાકતાજનોની હાજરીએ ચડાવી ભાવ વિભોર થયા હતા. શ્રી લહેરચંદ મૌશેરીએ આંગીના સ્વરચીત ગીતો પોરસ ચઢાવ્યો. પૂજન શ્રી કેશવજી ધારશી ગડાએ પંચમ સૂરોના મંત્રોચ્ચારે ભણાવ્યું. ભોજક શ્રી ત્રિલોકભાઈએ સંગીતે રસમય કર્યા. ફાઈવ સ્ટાર્સ કેટરીંગે જૈનત્વે મન ભાવન ભોજનીયા પીરસ્યા.

## અનંતનાથજી કોમ્પલેક્સ કાંજુરમાર્ગ

અનંતનાથજી કોમ્પલેક્સ કાંજુરમાર્ગ ખાતે ચૈત્ર માસની નવરાત્રી દરમ્યાન દરરોજ રાતના મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ હતી. સારી સંખ્યામાં રમઝટ જામી હતી. ચૈત્ર માસની સાસ્વતી આયંબીલની ઓળી કરવામાં આવેલ હતી.

આયંબીલના માતુશ્રી જયાબેન ચીમનભાઇ મૈશેરી (ગામ- જખૌ) એ લાભ લીધેલ હતો. આ આયોજન અનંતનાથજી મહિલા મંડળે કરેલ.


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો

પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,

શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786


## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા એક દિવસીય ગુણ કન્યા જ્ઞાન શિબીર નિમીત્તે પધારવા ભાવભર્યું આમંત્રણ

શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ દાદાની અમી દ્રષ્ટિથી સુરિત્રયના આર્શીવચનથી માદરે વતન કચ્છમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિગ્રુપ - મુંબઈ દ્વારા આયોજીત વિહાર યાત્રા તિર્થયાત્રા સહ પંચ દિવસીય સાર્થ સમ્ય ગુણ કન્યા જ્ઞાન શિબિરનું આયોજન કરેલ છે. તે શુભ પ્રસંગે પરમપુજ્ય સાધ્વી શ્રી વિપુલગુણાશ્રી મ.સા. આદી વિશાલ સાધ્વીવૃંદની નિશ્રા મળશે.

આપણે સહુ ગામવાસી જ્ઞાતિજનોને શિબિરાર્થી બાળકીઓ તથા આયોજકોની અનુમોદના કરવા માદરે વતન વરાડિયા તીર્થે પધારવા અનુરોધ.

**સ્થળ : વરાડીયાતિર્થે તા. ૨૫.૦૫-૧૪**
**રવિવાર સવારના ૬.૦૦ કલાકથી**

શ્રી શાંતિનાથાય નમો નમઃ

## શ્રી સાંધવ ક.દ.ઓ. જૈન મહાજન

### સાંધવવાસીઓના જાગ્યા લક - ચાતુર્માસની આવી રૂડી તક!

### સાંધવવાસીઓ તથા નિયાણી બહેનોને સાંધવ ગામે ચાતુર્માસ કરવા તથા પ્રવેશમાં પધારવા ભાવભર્યું આમંત્રણ

શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી કચ્છ કેશરી અચલગચ્છાધિપતિ પ.પુ.આ.ભ. શ્રી ગુણાસાગરસુરીશ્વરજી મ.સા.ની. દિવ્યકૃપા, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પુ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.ની. આજ્ઞા - આશિષ, સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભાસાગરસુરીશ્વરજી મ.સા.ના. આશીર્વાદથી સાધ્વી મુખ્યા પ.પુ.નિરંજનાશ્રીજી મ.સા.ના. પ્રશિષ્યા પ.પુ.લક્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનું ચાતુર્માસ મળેલ છે. ચાતુર્માસ આજ્ઞા પ્રદાન કરનાર પ.પુ.આ.ભ. શ્રીના ચરણોમાં કોટી વંદના તથા શાસન પ્રભાવિકા પ.પુ. પુણ્યોદયશ્રીજી મ.સાના.શિ.પ.પુ. વિપુલગુણાશ્રીજી મ.સા. પોતાના ઠાણા આપણા ગામે મોકલશે. શ્રી સંઘ વંદના કરે છે.

સર્વે ગામવાસીઓને ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે પધારવા મહાજનશ્રી તરફથી ભાવભર્યું આમંત્રણ છે. **ચાતુર્માસ પ્રવેશ તા. ૭.૭.૨૦૧૪ સોમવાર સવારના ૯.૧૫ કલાકે છે.** આરાધકોને અગાઉથી જાણ કરવા વિનંતી. ૪ મહિના માટે ચાતુર્માસ કરનાર ગામ વાસીઓ નિયાણી બહેનો તથા બહારગામથી પધારનાર આરાધકોની સર્વ વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવશે. **લી. સાંધવ ક.દ.ઓ. જૈન મહાજન પ્રમુખ શામજી નરશી દંડ**

ચાતુર્માસ કમીટી : નવિનભાઈ લોડાયા મો. 09324768217, ગોવિંદજી પટેલ : 09820540949, રાયચંદ દંડ : 09321316588, મુકેશ દંડ : 09426801433, મહેશ દંડ : 9323900739, સંદિપ લોડાયા : 9867167387, જયશ્રીબેન જવેરચંદ ખોના : 9224159512, રાજેશ દંડ : 9321129696, પરેશ દંડ : 9819359401, ઉમેશ ખોના : 9833690791, કસ્તુરીબાઈ લોડાયા : 9594100770

## આદરાંજલિ



# અ.સૌ. ખેતબાઈ હિરાચંદ મોમાયા

જન્મ : તા. ૩૧.૦૧.૧૯૩૮

અરિહંત શરણ: તા. ૦૬.૦૫.૨૦૧૪

સાદા સરળ માયાળુ,
તમે ખરા અર્થમાં ભગવાનના માણસ,
પુણ્ય ભાથું ઘણુંય સંચિત કર્યું,
જીવી ગયા જીવન આદર્શ,
અરિહંતશરણે શાંતિ પામો,
ઉચ્ચગતિએ પ્રાપ્ત થાય જીવન સરસ
પ્રેરતી રહે આપની સ્મૃતિ,
અમારા જીવનમાંય ઘોળાય ધર્મરસ

| | |
|---|---|
| જીવનસાથી | : હીરાચંદ ચાંપશી મોમાયા |
| પુત્રો | : ચંદ્રસેન - જીતેન્દ્ર |
| પુત્રવધુ | : સૌ. મીના |
| પૌત્રી - પૌત્ર | : કુંજન - પાર્થ |
| દેરાણી - દિયર | : સૌ. દમયંતી હિરાલાલ મોમાયા<br>સૌ. કુસુમ રમેશ મોમાયા |
| નણંદ - નણદોઈ | : સ્વ. સુશીલા મણીલાલ દંડ<br>સૌ. પુષ્પા મોતીચંદ શીયાડ |
| પિયર પક્ષ | : અરજણ દેસર મોતા પરિવાર |
| ભાભી - ભાઈ | : સૌ. દિવ્યા વીરચંદ મોતા<br>સ્વ. નલીની ચંદ્રકાંત મોતા<br>સૌ. ભાવના ગુલાબ મોતા |
| બહેન - બનેવી | : સોનબાઈ રાયચંદ ધરમશી<br>તેમજ |

**સમસ્ત સ્નેહી સ્વજન**

**વનિતા વિશ્વ** ૧૫માં પાનાથી ચાલુ

ગૃહિણીઓ, તમારો આનંદ તમારા હાથમાં છે. તમારા અધૂરાં શોખ વિકસાવવાનો કે હુન્નરને ઝળકાવવાનો રસ્તો શોધો. અન્યો સાથે તુલના કરવાનું બંધ કરીને પોતાના શિક્ષણનો સદ્દુપયોગ બાળકના ઘડતર અને સંસારના સુચારુ સંતુલનમાં કરો. ઘરની તમામ જવાબદારી નિભાવવા સાથે પોતાના માટે થોડો સમય ફાળવી મનગમતી પ્રવૃત્તિ કરો. લોકોને હળવા મળવાથી પણ મન આનંદમાં રહે છે.

પરિવારજનો, ખાસ કરીનો પતિએ પણ હાઉસવાઈફના કામની પ્રશંસા કરીને પ્રેમપૂર્વક વર્તન કરવું જોઈએ. પત્નીના રૂટિનમાં કોઈ પરિવર્તન લાવીને જેમ કે, અચાનક ફરવા અથવા પિક્ચર જોવા લઈ જઈને તેને આનંદમાં રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. રોજ રાતના સંપૂર્ણ પરિવારે સાથે બેસીને ક્વોલિટી સમય પસાર કરવો જરૂરી છે. ઘરની મહિલાઓને ગૃહિણી હોવાનો ગર્વ થાય એવું વાતાવરણ કાયમ રાખવું જોઈએ.

**- જન્મભુમિ માંથી સાભાર, ભાવના જોશી**

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## અઢારમી પુણ્યતિથિએ આદરાંજલિ



અરિહંત શરણ: તા. ૩૦.૦૪.૧૯૯૬

**સ્વ. માતુશ્રી હિમાબાઈ માલશી કરમશી મોતા**

વારાપધર - મુલુંડ

શાતા અને હુંફનો ખોળો પાથર્યો...સંસ્કારની સુરભી વહાવી.....
સદભાવની મંગલ મુડી વારસા રૂપે આપી એવી
તિર્થ સમાન હે **મા** આપને અનંત વંદન

દિકરી : સ્વ. જમકુબાઈ લાલજી પટેલ (સાંધવ - મુલુંડ)
ગ.સ્વ. વિજયાબાઈ પદમશી નાગડા (નલિયા - દીટવાલા)
દોહિત્ર - દોહિત્રવધુ : અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ - મુલુંડ)

# શ્રી ક. દ. ઓ. સમસ્ત લોડાયા પરિવારના સચ્ચા માતાજીની પ્રથમ સમુહ પહેડી

સચ્ચા માતાજીની સમુહ પહેડી તા. ૧૯.૪.૧૪ શનિવાર ચૈત્ર સુદ - ૪ના સાંજના ૪.૦૦ કલાકેથી કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ

## સચ્ચામાંના પહેડીના લાભાર્થી પરિવારો

નૈવેદ્ય (પહેડી) જુહારવાનો લાભ : માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિશનજી લોડાયા પરિવાર (આરીખાણા - મુલુંડ)
માતાજીની આરતીનો લાભ : માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયા પરિવાર (રાપર - ઘાટકોપર)
માતાજીને તેડી આવવાનો લાભ : શ્રી લાલજી વેલજી લોડાયા પરિવાર (વરાપધર - ડોંબીવલી)
માતાજીને પોંખવાનો લાભ : માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા હસ્તે તિલકભાઈ (કોઠારા - મુલુંડ)
દીપ - ધુપ- પુજાનો લાભ : માતુશ્રી દમયંતિબેન રતનશી લોડાયા પરિવાર હસ્તે સુપુત્રો (સાંયરા - ડોંબીવલી)
માતાજીને ફુલહાર પહેરાવાનો લાભ : માતુશ્રી હંસાબેન હિરાચંદ અરજણ પટેલ પરિવાર (બાંઢીયા - એરોલી)
માતાજીને ચુંદડી ઓઢાડવાનો લાભ : માતુશ્રી ભમલબેન પદમશી પીર (સુથરી - ડોંબીવલી)
પુંજામાં બેસવાનો લાભ : ૧. માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર (નલિયા - ડોંબીવલી)
૨. શ્રી ઠાકરસી લાલજી પટેલ પરિવાર (સાંધવ - મુલુંડ)

## પ્રથમ સમુહ પહેડીના સહયોગી દાતાઓ

૧. શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર (લોખંડવાલા) સાંધવ - ઘાટકોપર
૨. માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હસ્તે હિતેશ - નિખિલ પટેલ (સાંધવ - મુલુંડ)
૩. શ્રી વીરચંદ નરશી લોડાયા (રાપર - મુલુંડ) ૪. શ્રી ટોકરશી રતનશી લોડાયા હસ્તે જવેરચંદભાઈ (વારાપધર - ડોંબીવલી)
૫. માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા (સાંધવ - ડોંબીવલી) ૬. માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા પરિવાર (સાંધવ - મુલુંડ)
૭. મયુર ખીમજી પીર (સુથરી - ભાંડુપ) ૮. માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર (સાંયરા - મુલુંડ)
૯. માતુશ્રી મણીભાઈ કલ્યાણજી લોડાયા પરિવાર (આરીખાણા - ડોંબીવલી)
૧૦. માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા (દલતુંગી - ડોંબીવલી) ૧૧. માતુશ્રી કસ્તુરીબેન રાયચંદ લોડાયા (કોઠારા - વાશી)
૧૨. માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા (મોટી સિંધોડી - ડોંબીવલી) ૧૩. શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (સાંધવ - થાણા)
૧૪. માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવાર (મંજલ - ડોંબીવલી)
૧૫. માતુશ્રી મણીભાઈ નરશી લોડાયા હસ્તે લહેરચંદ (રાપરગઢ - ડોંબીવલી)
૧૬. માતુશ્રી હિરાવંતીબેન તિલકચંદ લોડાયા હસ્તે મેહુલ (બારોઈ - મુલુંડ)
૧૭. માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબીવલી) ૧૮. વીરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા (બાંઢીયા - અમદાવાદ)
૧૯. માતુશ્રી ભચીબાઈ હરશી લોડાયા હસ્તે વિજયાબેન (રાપર - ભાંડુપ)
૨૦. માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (આરીખાણા - મુલુંડ) (માં ઓમ ટ્રાન્સપોર્ટ)
૨૧. માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા હસ્તે રસિકભાઈ (સાંધવ - મુલુંડ) ૨૨. શ્રી **Five Star Caters**(ભાંડુપ)
૨૩. શ્રી હેમરાજ પુંજાભાઈ લોડાયા હ. દિનેશ (સુથરી - મલકાપુર) ૨૪. માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા (સાંયરા - રાયપુર)
૨૫. શ્રી દાદા ભલારા ટ્રાન્સફોર્ટ હસ્તે અ. સૌ. સરલાબેન ભવાનજી લોડાયા (રાપર - મુલુંડ)
૨૬. શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટીખાવડી - થાણા) ૨૭. શ્રી મોતીલાલ દેવજી લોડાયા પરિવાર (મોટી ખાવડી - ઘાટકોપર)
૨૮. અ. સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા (સાંયરા - મુલુંડ) ૨૯. શ્રી ગીરીશ ખીમજી કરમશી શાહ (મોટી ખાવડી - મુલુંડ)
૩૦. શ્રી શાંતિલાલ શામજી શાહ (મોટી ખાવડી - મસ્જીદબંદર) ૩૧. માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંયરા - ડોંબીવલી)
૩૨. મા. ધનલક્ષ્મી રાયચંદ લોડાયા (આરીખાણા - ઘાટકોપર) ૩૩. મા. પ્રેમાબાઈ લાલજી લોડાયા (કોઠારા - મુલુંડ)
૩૪. શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા (વારાપધર - વાશી) ૩૫. મા. દેકાંબાઈ શામજી લોડાયા (સાંધાણ - કલવા)
૩૬. શ્રી નરેન્દ્ર દામજી લોડાયા (નલીયા - મુલુંડ) ૩૭. મા. કસ્તુરીબેન કેશવજી લોડાયા (આરીખાણા)
૩૮. શ્રી રશ્મીન પ્રતાપ લોડાયા (તેરા - મુલુંડ) ૩૯. મા. પ્રભાવતી મુલજી લોડાયા (ભરૂડીયા - તેરા)

## સાંધવ ગામના લાલ છતાપીરની પહેડી

સાંધવ ગામના લાલ છતાપીરનો પહેડી પ્રસાદ તા. ૨૦.૪.૧૪ રવિવારના સવારના અનંતસિદ્ધી એસી હોલમાં રાખવામાં આવેલ. સાંધવાવાસીઓ, નિયાણી બહેનો, સાંધવ ગામના મુંબઈ વસતા મુસલમાનભાઈ ઓ - બહેનો સારી સંખ્યામાં પધારેલ. પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના પરિવારે લીધેલ. પ.પુ. સાધ્વીશ્રીજી કનકગુણાશ્રી મ.સા.એ પધારીને માંગલિક સંભળાવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત ભગવતી અચલ ગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના તા. ૪.૫.૧૪ના શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ. જેનો લાભ માતુશ્રી પ્રભાવંતીબેન જવેરચંદ ખીમજી મોમાયા - ડુમરા વાળાએ લીધેલ.

જુન માસની ભાવના તા. ૮.૬.૧૪ના છે. જેના લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી માંડવીવાળાએ લીધો છે.

## વરાડીયા દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી કારોબારીની વરણી

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ ફંડની સામાન્ય સભા તા. ૨૬.૧.૨૦૧૪ અનંત સિદ્ધિ મધ્યે શ્રી મનીષ પ્રતાપ ડાઘાના પ્રમુખપદે બોલાવવામાં આવી. તેમાં શ્રી તિલોકચંદ નરશી દંડ, શ્રી નિરંજન કેશવજી મોમાયા, શ્રી તિલકચંદ કરમચંદ વિકમશી, શ્રી મનીષ પ્રતાપ ડાઘા, શ્રી પ્રતાપ મુલજી પીર, શ્રી વિનોદ કુલીનકાંત ડાઘા, આશા દિપક ડાઘા, શ્રી લીના મધુકાંત મોમાયાના ટ્રસ્ટીપદે વરણી કરવામાં આવી.

કારોબારી સમિતિમાં શ્રી મધુકાંત પાશ્વીર મોમાયા શરદ હેમરાજ મોમાયા, હેમંત ગુલાબ મોમાયા સમિતી શાંતિલાલ મોમાયા, પ્રફૂલ લખમશી મોમાયા, રતિલાલ શામજી મોમાયા, રોનક ચન્દ્રકાંત મોમાયા, મનોજ ઝવેરચંદ મોમાયા, દિપેશ ચીમનલાલ મોમાયા, શૈલેષ ચિમનલાલ મોમાયા, દેવેન્દ્ર કુંવરજી મોમાયા, કલાવંતી દામજી મોમાયા, પ્રિયા વિનોદ મોમાયા, નલીન રતનશી ડાઘા, દિપક ગાંગજી ડાઘા, અભય પદમશી ડાઘા, મહેશ રામજી ડાઘા, રાજેન્દ્ર પિતાંબર ડાઘા, પિયુષ લીલાધર ડાઘા, પદમ લાલજી લોડાયા, અશોક સોમચંદ દંડની વરણી કરવામાં આવી.

## શ્રી વરાડીયા ટ્રસ્ટ : વચનપુર્તી માટે વિનંતી

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ ટ્રસ્ટ દ્વારા વરાડીયાવાસી જ્ઞાતિજનાને શિક્ષણ સહાય પંચવર્ષીય યોજનામાં ફાળાની વચનપુર્તિ કરવા વિનંતી. જે વિદ્યાર્થીઓ લોન લઈને અભ્યાસ પુર્ણ કર્યા હોય તેઓ સત્વરે પરત કરે. જેથી નવી અરજીઓ પાસ કરવા સગવડના રહે જરૂરતમંદ ગામવાસી જ્ઞાતિજનોને શિક્ષણ સહાય અપાય છે.

## શ્રી જખૌ તીર્થ મહાવીરસ્વામી જન્મ કલ્યાણક

શ્રી જખૌ તીર્થે તા. ૧૨.૪.૧૪ પ્રભુ મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક નિમિત્તે ભાગ્યશાળી લાભાર્થી શ્રીમતી મંજુલાબેન કુલીનભાઈ જીવાણી તરફથી પ્રભુજી વરઘોડો યોજાયો.

બપોરનાં સુધી મહાવીર પંચ કલ્યાણ પુજા રાખેલ તેમાં પ્રભાવના શ્રી જય રમેશ મૈશેરી તરફથી હતી.

## હુબલી મધ્યે ફાગણી તેરસની ઉજવણી

દર વર્ષની શ્રી અજીત સ્નાત્ર મહિલા મંડળ તથા હિતવર્ધક મહિલા મંડળ દ્વારા ફાગણી તેરસની ઉજવણી શ્રી આદિનાથ જિનાલયમાં ઉજવવામાં આવેલ. સવારના પુજા - ભાવના પછી શ્રીમતી ઈન્દુબેન નાગડાએ શત્રુંજય તીર્થની અતિભાવમય શૈલીમાં સુંદર ભાવ યાત્રા કરાવેલ.

નારાણજી કાનજી સભાગૃહમાં સૌ. દિપીકા કમલેશ ખોના તેમજ સૌ. ચેતના શરદ મોમાયાએ ધાર્મિક પ્રશ્નો ત્યાં સ્તવનની અંતાક્ષરી રમાડેલ. વિજેતાઓને મંડળ તરફથી ઈનામ આપવામાં આવેલ. શ્રીમતી કુસુમબેન પટેલ તરફથી શરબત તથા ફ્રુટ રાખવામાં આવેલ. સૌ. પ્રીતીબેન કુરૂવા તથા વર્ષાબેન કુરુવા તરફથી ભાતુ આપવામાં આવેલ. સૌ. શીલાબેન ખોના તરફથી ભોજનની વ્યવસ્થા કરાયેલ.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હિરાચંદ સી લાપસીયા** | ૫૦૧, સુંદરા વિલ્લા, હનુમાન મંદિરની સામે, કોપરગાવ, ડોંબિવલી (પ), ૪૨૧૨૦૨ |
| **રોનક લલીત ખોના** | એ-૨૦૨, તરુણ સી.એચ.એસ.લિ., દેવી (મુંબાદેવી), મંદિર કંપાઉંડ, દેવી ચૌક, ડોંબિવલી (પ) ૪૨૧૨૦૨ |
| **પિયુષ એન શાહ** | ૩૦૧, સાઈ જ્યોત, એસ.એલ.રોડ, મુંલુડ (પ), મુંબઈ - ૪૦૦૦૮૦ |
| **સુશિલાબાઈ માણેકચંદ લાલકા** | ૨૦૧, મિત્ર અપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૮૮, કૈલાશ સોસાયટી, સરસ્વતી નગર, વઠોડા, નાગપુર - ૪૪૦૦૨૪ |
| **શશીકાંત એમ. ખોના** | આદર્શ વિહાર, ઈ-૨૦૪, લો-પ્રાઈઝની સામે, ગુંજન, વાપી |
| **મહેન્દ્ર મણશી દંડ** | વિવેકાનંદ સોસાયટી, બ્લોક નં. ૧૦, બિલ્ડીંગ નં. ૨, સારસ્વત કોલોની, ગુરુમંદીર રોડ, ડોંબિવલી (પુ) ૪૨૧૨૦૧ |
| **સુશિલ લહેરચંદ શાહ** | બી વિંગ, ફ્લેટ નં. ૧૨૦૩, દોસ્તિ ઈલાઈટ, કો.ઓ.સો.લિ. રોડ નં. ૨૯, સાયન ટેલીફોન એક્સેચેન્ઝ પાસે, સાયન પુર્વ, મુંબઈ - ૪૦૦૦૨૨ |
| **હિરેન શામજી દંડ** | એફ - ૪, ગંગોત્રી એપાર્ટમેન્ટ, અભિલાશા ચોકડી, ન્યુ શમારોડ, વડોદરા |
| **નિરંજન હંસરાજ નાગડા** | રૂ. નં. ૩૩, બિલ્ડીંગ નં. ૬૮, એ, વૃન્દાંવન સોસાયટી, ઓલ્ડ માજી વાડા, થાણા, ૪૦૧૬૦૧ |
| **પ્રશાંત નયન મોતા** | ૨૦૩, પવની હર્મીટજ, ૭-૧-૫૪, ધરમ કરન રોડ, દિપીક્ષા ભવનની સામે, અમીરપેટ, હૈદ્રાબાદ - ૫૦૦૦૧૬ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**જીજ્ઞેશ નવિનચંદ્ર મોતા (એડવોકેટ)** 040-29806666

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૩.૧૪ | ડોંબિવલી | શૌર્ય-સુમીત્રા/હેમાંગ મહેન્દ્ર ધરમશી | રંગપુર | પુત્ર |
| ૧૨.૦૪.૧૪ | કારંજા | કાયા-સ્વાતી/પારસ જ્ઞાનચંદ તેજપાલ લોડાયા | તેરા | પુત્રી |

### આંતર જ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૪.૧૪ | થાણા | વિરલ નિરંજન હંસરાજ નાગડા | જખૌ | ૨૭ |
| | બાંન્દ્રા | અવની સુરેન્દ્ર જેઠાલાલ વોરા | પ્રતાપપુર | ૨૪ |
| ૧૯.૦૪.૧૪ | અમદાવાદ | બ્રિજેશ નીતીન હસમુખભાઈ દોશી | પોલારપુર | ૨૭ |
| | ભાવનગર | નમ્રતા અજિત ઉપેન્દ્ર લાપસીયા | નલીયા | ૨૮ |
| ૨૦.૦૪.૧૪ | રાજકોટ | સુમન વિજયકુમાર રાજપુરા | સાવરકુંડા | ૨૫ |
| | આદિપુર | ઉર્વી લીખેશ દામજી મોમાયા | વરાડીયા | ૨૪ |
| ૩૦.૦૪.૧૪ | ડોંબિવલી | કૌશિક વસંત ધનજી મહેશ્વરી | મોટીસિંધોડી | ૩૦ |
| | ભાયખલા | અમેન્થા જોઆના મારક્વીસ | ગોવા | ૩૦ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૨.૧૪ | ચિંચવડ | ગૌરવ કિશોર તેજપાલ રતાણી | તેરા | ૨૭ |
| | તેરા | કાજલ હિરાચંદ રાયચંદ છેડા | તેરા | ૨૩ |
| ૦૪.૦૫.૧૪ | મસ્જીદ બંદર | ચિરાગ વિજય હિરાચંદ મોમાયા | મોટી સિધોડી | ૨૫ |
| | ડોંબિવલી | એકતા કુલીન હિરાચંદ લોડાયા | વારાપધર | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૫.૧૪ | કોચીન | મીના મણીકાંત ધનજી મૈશેરી | મોટી સિંધોડી | ૬૯ |
| ૦૬.૦૫.૧૪ | ઘાટકોપર | ખેતબાઈ હિરાચંદ ચાંપશી મોમાયા | વરાડીયા | ૭૬ |
| ૦૬.૦૫.૧૪ | બડગરા | વેલબાઈ વેરશી લધાભાઈ લોડાયા | બાયઠ | ૧૦૩ |
| ૦૬.૦૫.૧૪ | ગાંધીધામ | પ્રભા શામજી પદમશી છેડા | સુથરી | ૭૪ |
| ૦૮.૦૫.૧૪ | ડોંબિવલી | સોમચંદ માલસી પત્રામલ લોડાયા | સાંધવ | ૮૩ |

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ભગવાન મહાવીર પર ૪૦૦ કરોડ રૂપિયામાં બનશે ફિલ્મ..

ભગવાન મહાવીર જન્મ મહોત્સવ નિમિત્તે ૧૩ એપ્રિલના દિવસે ગોરેગાંવના એનએસઈ ગ્રાઉન્ડમાં હજારો જૈન ભેગા થયા ત્યારે ભગવાન મહાવીરનાં જીવન - કવન પર ચારસો કરોડ રૂપિયાના ખર્ચે બનનારી ફિલ્મ વિશે પણ જાહેરાત કરવામાં આવી. દૃશ્ય - શ્રાવ્ય થકી માહિતી આપવામાં આવી જેનું આલેખન જાણીતા નાટ્યલેખક પ્રવીણ સોલંકીએ કર્યું.




ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર લગભગ સમકાલીન હતા. ભગવાન બુદ્ધ વિશે ઈન્ટરનેશનલ લેવલની ઘણી ફિલ્મ બની છે, પરંતુ મહાવીર વિશે આંતરરાષ્ટ્રીય કક્ષાની એક પણ ફિલ્મ બની નથી એટલે જ મુંબઈના ત્રણ યુવાન ધ્વનિલ મહેતા, અમિત છેડા અને નિમિત્ત વોરા ભેગા થઈને ભગવાન મહાવીર પર ફિલ્મ બનાવી રહ્યા છે.

ફિલ્મના નિર્માતા - દિગ્દર્શક - લેખક - ડિરેક્ટર ધ્વનિલ મહેતા કહે છે કે અમારી ફિલ્મનું બજેટ લગભગ ૪૦૦ કરોડ રૂપિયા છે. અમારી ફિલ્મમાં હોલીવૂડના કલાકારો ઉપરાંત ટેક્નિશિયનો પણ હશે. હોલીવૂડ સ્ટાઈલથી સમગ્ર ફિલ્મનું નિર્માણ કરવામાં આવશે. અલબત્ત, આ ફિલ્મ લાઈવ એક્શન હશે. અફ કોર્સ, ભગવાન મહાવીરની ભૂમિકા ઍનિમેશન થકી અદ્વિતીય સ્વરૂપે રજૂ કરવામાં આવશે.

ફિલ્મના સહ - નિર્માતા અમિત છેડા કહે કે ભગવાન મહાવીરની આ ફિલ્મ પણ વર્લ્ડ કલાસ લેવલની બનાવવામાં આવશે. પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર નિમિત્ત વોરાના કહેવા અનુસાર આ આંતરરાષ્ટ્રીય કક્ષાની ફિલ્મ કરોડો ડોલરમાં ટર્નઓવર કરશે એટલે રોકાણકારોને મોટો આર્થિક ફાયદો પણ થશે.

ફિલ્મની વિશેષતા વિષે ધ્વનિલ મહેતા કહે કે ભગવાન મહાવીર ૩૦ વર્ષના હતા ત્યારે એમણે દીક્ષા લીધી અને બેતાલીસમા વરસે એમને કેવળજ્ઞાન થયું. તપશ્ચર્યાનાં આ બાર વર્ષ એ ફિલ્મનું કેન્દ્રબિંદુ હશે. ફિલ્મ બનતાં બે - અઢી વર્ષનો સમય નીકળી જશે, પણ ફિલ્મની રજુઆત પછી દુનિયાભરના લોકોને જૈનિઝમ શું છે એની જાણ થઈ જશે. દુનિયાના જાણીતા ટેક્નિશિયનો, કલાકારો તેમ જ જૈન વિદ્વાન સંશોધકોની સહાયને કારણે જૈન ધર્મ અને મહાવીરની અવર્ણનીય રજુઆતને દુનિયા જોતી રહી જશે એવી વર્લ્ડ ક્લાસ ફિલ્મ બનશે.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**